
# બાલકેળવણીના પ્રયોગો
## પાયાની પ્રતિભાઓની
# વાત્સલ્યધારા



ગુલામ રસૂલ કુરેશી

પ્રયોગના સ્તંભ

# શ્રી ગુલામ રસૂલ કુરેશી


સંપાદક

મનુ પંડિત



મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી, દિલ્હીદરવાજા બહાર,

અમદાવાદ—૩૮૦ ૦૦૪

પ્રકાશક :

મનુભાઈ જ. પંડિત
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, અમદાવાદ–૩૮૦ ૦૦૪

પ્રથમ આવૃત્તિ :

જાન્યુઆરી ૧૯૮૯

કિંમત : ચાર રૂપિયા

મુદ્રક :

શ્રી ત્રિપુરા પ્રિન્ટિંગ પ્રેસ,
૨૭, અડવાણી માર્કેટ,
દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ–૩૮૦ ૦૦૪

# તેજોમૂર્તિની તેજરેખાઓ

## પ્રકાશકીય

મુનિશ્રીએ પ્રયોગના પોતાના સાથીદારોનો પરિચય સમાજ આગળ મૂકવા સૂચન કરેલ. આ પહેલાં એવાં છ ચરિત્રો પ્રગટ થઈ ગયાં છે. છેલ્લું પ્રકાશન 'મારી અભિનવ દીક્ષા' અસાધારણ લોકચાહના મેળવી ચૂક્યું છે.

પ્રયોગમાં પડેલા સેવકો પોતાના વિશે લખવામાં હંમેશાં સંકોચ અને આત્મસંયમથી વર્ત્યા છે, છતાં આવાં ચરિત્રો પ્રજા આગળ મૂકવાં એ પ્રયોગનો જ એક ભાગ હોવાથી મૂકતા રહ્યા છીએ.

શ્રી કુરેશીભાઈનું જીવન એટલે ગુજરાતના રાષ્ટ્રીય જાહેરજીવનનું અડધી સદીની તવારીખનું ઉજ્જવલ પાનું! તેઓ પોતે અચ્છા લેખક, પત્રકાર અને વક્તા છે. ૯૦ વર્ષની જૈફ ઉંમરે પણ અદ્દભુત યાદદાસ્ત ધરાવે છે. એટલે ગુજરાતને તેમની આત્મકથા મળશે એવી આશામાં આટલાં વર્ષ અમે ગુમાવ્યાં. કુદરતે તેમની વાચા અને દૃષ્ટિ બંનેની દેણ ખેંચી લઈ હવે એ કાર્ય અસંભવિત કરી મૂક્યું છે ત્યારે તેમની તેજોમૂર્તિમાંથી ઉપસી આવેલ થોડીક તેજરેખાઓ— આઝાદીના યોદ્ધા, એકતાના પરમ ઉપાસક, ખાદીપ્રેમી, ગોસેવા પ્રેમી, સર્વધર્મના અનુરાગી અને બાપુના ગ્રામરાજ્યના સ્વપ્નને સાકાર કરવા મથતા—એવા આ પરમ સેવકના જીવનની કેવળ તેજરેખાઓ આપીને જ અમારે સંતોષ મેળવવો રહ્યો!

**મનુ પંડિત**

મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

# પ્રયોગના સ્તંભ

૧૯૪૫માં મુનિશ્રીના ચાતુર્માસ વિરમગામમાં હતા. કુરેશીભાઈ ત્યારે મુનિશ્રી પ્રેરિત 'ભાલનળકાંઠા જનસહાયક સમિતિ'ના પ્રમુખ હતા. સમિતિની બેઠકમાં તેઓ વિરમગામ આવ્યા હતા. મુનિશ્રીની રાત્રિ પ્રાર્થનાસભા સુતાર ફળીના ચોકમાં મળી હતી. સભાને સંબોધન કરતાં કુરેશીભાઈને પ્રથમ વખત જોયા અને સાંભળ્યા. એમણે મુનિશ્રીને પૂજ્ય સંબોધન કર્યું અને એ મતલબનું કહ્યું કે—

'આસમાનમાં એક ચમકતો સીતારો પ્રકાશ આપતો હોય એમ મુનિશ્રી પ્રકાશ આપે છે...'

તાજેતરમાં ભાલનળકાંઠા પ્રયોગનું દસ્તાવેજી ચિત્ર ઉતાર્યું છે. એમાં મુલાકાતીએ કુરેશીભાઈને પ્રશ્ન કર્યો :

"તમે તો મહંમદ પયગંબર સાહેબના અને ગાંધીજીના ભક્ત, સંતબાલજી જૈન સાધુ એમના પ્રયોગમાં તમે અર્ધી જિંદગી સાથે રહ્યા, સેવાઓ આપી. તો મુનિશ્રીને આપે કઈ રીતે જોયા ?"

માત્ર એક જ વાક્યમાં એમણે જવાબ આપ્યો.

"ગાંધીજીનો નવો અવતાર."

કુરેશીભાઈ મૂલ્યો માટે મથ્યા, જીવન જીવ્યા. આજે પણ ચિત્તની શાંતિ અને પ્રસન્નતાથી દૈહિક પંગુપણાનું વેદન સમતા ભાવે વેઠી રહ્યા છે.

ભાલનળકાંઠા પ્રયોગમાં કામ કરવાની કેટલીક સહજ કસોટીઓ અને માપદંડો છે. સાધનશુદ્ધિ, સર્વધર્મ ઉપાસના, બિન સાંપ્રદાયિક વલણ, કોમી એકતા, રાજકારણની શુદ્ધિ અને સંગીનતા સાથેનું લોકાધિન રાજકારણ—જેવી પાયાની બાબતોના આગ્રહોમાં તેઓ હંમેશાં પ્રયોગના સાથીદારોને પ્રેરણારૂપ બન્યા છે.

અહીં બધો ઇતિહાસ લખવો પ્રસ્તુત નથી પણ એમના નેતૃત્વ નીચે ઐતિહાસિક કહી શકાય એવાં ઘણાં કાર્યો થયાં છે. પ્રયોગના પાયાના મૂલ્યોની સચ્ચાઈ અને રક્ષા માટે એમણે કડવાં પીવાં છે અને બીજાને મીઠાં ચખાડ્યાં છે.

અનેક પ્રસંગોએ કુરેશીભાઈએ મૂલ્યો, નીતિ, પરંપરા, પ્રણાલિઓ આદર્શ અને વ્યવહાર એ બધાનો વિવેક વાપરી સમતુલા સાચવી છે અને ભાલનળકાંઠા પ્રયોગની પડખે અડીખમ થાંભલાની જેમ ઊભા રહ્યા છે.

ઇસ્લામ ધર્મનું ચુસ્તપાલન કરવું, રાષ્ટ્રવાદી મુસ્લિમ તરીકે રાષ્ટ્રિયતાને પુષ્ટિ આપવી કોંગ્રેસમાં સંગઠન કક્ષાએ ચાવીરૂપ હોદ્દા પર રહીને સંગઠનની શિસ્તનું પાલન કરવું, કોંગ્રેસી ધારાસભ્ય તરીકે સંસદીય શિસ્તનું પાલન કરવું, તો બીજી તરફ ઉપર લખ્યું તેમ પ્રયોગના મૂલ્યોનો આગ્રહ અને આચાર પણ રાખવો એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું, અતિ કપરું કામ છે.

ભાલનળકાંઠા પ્રયોગને કોંગ્રેસી સત્તાના રાજકારણે મરણતોલ ફટકા મારવાની અણીને ટાંકણે કોંગ્રેસના આદર્શો કે શિસ્તને જફા પહોંચાડયા વિના પ્રયોગના મજબૂત થાંભલાની જેમ અડીખમ રીતે તેઓ સંતબાલજીની સાથે રહ્યા અને પ્રયોગકાર્યોને ટેકો આપવાનું ચાલુ રાખ્યું.

કેમેય કરતાં એમનું આ ઋણ ફેડી શકાય તેમ નથી.

મારી સમજણ મુજબ ઇસ્લામધર્મી પાક મુસલમાન હિંદુ સંતને "પૂજ્ય" સંબોધનથી ભક્તિ અને શ્રદ્ધાથી આદર કરે એવું જવલ્લે જ બને. કુરેશીભાઈ, મુનિશ્રીને 'પૂજ્ય' વિશેષણથી સંબોધન કરતા.

પ્રયોગની સંસ્થાઓના એમના નેતૃત્વે આચાર્યના અનુશાસનની જેમ વહીવટમાં એટલી બધી મોકળાશ આપી છે કે પ્રમુખ હોવા છતાં પ્રમુખનો ભાર નથી તો એમણે વેંઢાર્યો કે નથી તો સાથીઓને લાગવા દીધો અને છતાં નાની મોટી જરૂરી વિગતો એમની નજર બહાર નથી રહી. પ્રસંગોપાત જરૂરી માર્ગદર્શન અને પ્રેરણા જ નહીં દોરવણી પણ આપી છે. પૂરક બનીનેય સાથીઓની શક્તિ વધારી છે. યશ વહેંચ્યો છે. યશના ફાંસલામાં ન ફસાવવાની સાવધાની રાખી છે. અપયશમાં સામેલગીરી કરી છે.

કાર્યકરો અને પ્રદેશના ગામડાંઓ ખેડૂતો વગેરે સાથેનો એમનો સંપર્ક અને સબંધ આત્મીયતા ભર્યો રહ્યો છે. એ કોમે મુસલમાન છે એમ સહુ જાણે છે. ૪૫ વર્ષના લાંબા સહવાસમાં એક પણ પ્રસંગ એવો નથી બન્યો કે ગામડાના લોકોએ એમની સાથે ખાવાપીવાના વહેવારમાં કોમી કે જ્ઞાતીય લાગણીને સહેજ પણ સ્થાન આપ્યું હોય. કશા જ છોછ વિના ઘરના ચૂલા પાણિયારા સુધીની અવરજવર, બેન દીકરીઓ સાથે આત્મીયતા ભરી વાતો.

આમ હાર્દિક આદર સાથે ગામડાઓએ એમનું ગૌરવ સાચવ્યું છે, સહજ સચવાયું છે. એમાં કુરેશીભાઈની રાષ્ટ્રિયતા બિનસાંપ્રદાયિકતા બિનકોમવાદ અને કોમી એકતાના દૃઢ સંસ્કારથી રસાયેલી સહજ માનસવૃત્તિએ મહદ્અંશે ભાગ ભજવ્યો છે. એમના આમ સહજ જિવાતા જીવનનો ગામડાના સરળ દિલના ખેડૂતોમાં પ્રભાવ પડે એ સ્વાભાવિક છે.

કુરેશીભાઈને ત્યાં નાનો મોટો કોઈ પણ કાર્યકર કે ગ્રામજન જાય પછી તે ગમે તે ધર્મ, કોમ, જ્ઞાતિનો હોય, ગરીબ કે તવંગર હોય, જમીનદાર કે મજૂર હોય, કુરેશીભાઈના આખા પરિવારનાં આત્મીયતા સભર ઉષ્માભર્યા આતિથ્યનો સ્વાદ અને સુગંધ કાયમ યાદ રહી જાય એવાં.

આવા કુરેશીભાઈ ભાલનળકાંઠા પ્રયોગને માટે શોભા શણગાર, આભા કે ઓજસ જે કહો તે છે. એમની આજે ભલે પથારીવશતા વાચા લગભગ ગયા જેવી, નયન જ્યોત બુઝાયેલી તેમ છતાં એમની હયાતી એ જ પ્રયોગ માટે તો મોટી ઉપલબ્ધિ જ ગણીએ છીએ.

પ્રયોગ એમના જેવા પાક મુસલમાન, ગાંધીભક્ત, આજીવન જાહેર સેવાકાર્યને વરેલા, નિષ્ઠાવાન, સેવકની સેવાઓ આમ, આટલા લાંબાગાળા સુધી, મેળવી શક્યો, એને સંઘ પોતાનું મહામૂલું ગૌરવ માને છે.

૧૫–૧૨–૮૮ — અંબુભાઈ શાહ

ગૂંદી આશ્રમ — મંત્રી, ભા. ન. પ્રા. સંઘ

# જીવન તવારીખ

જન્મ : ધંધુકા તા. ૨૩-૮-૧૮૯૮
માતા : સુજાનણુ
પિતા : મિયાંસાહેબ કાલુમિયાં
પ્રાથમિક શિક્ષણ : ધંધુકામાં લીધું
માધ્યમિક શિક્ષણ : ધંધુકા-અમદાવાદ
કૉલેજ શિક્ષણ : અમદાવાદ

૧૯૨૦ : નાગપુર કોંગ્રેસમાં બાપુએ આપેલ એલાનના જવાબમાં ૧૯૨૦માં તેમણે કૉલેજ છોડી.

૧૯૨૧ : ૧૯૨૧માં ધંધુકા તાલુકા રાજકીય કોન્ફરન્સ ભરી : સરદાર વલ્લભભાઈના પ્રમુખપદે.

૧૯૨૧ : મહેમદાવાદની રાષ્ટ્રીય ગુજરાતી, અંગ્રેજી તેમ જ ઉર્દુ શાળાઓનું સફળ સંચાલન કર્યું.

૧૯૨૨ : અમદાવાદ જિલ્લા ખિલાફત કમિટીના મંત્રી પદે તેમ જ ઑલ ઇન્ડિયા ખિલાફત કમિટીના મદદનીશ સેવક

૧૯૨૩ : ગૂજરાત વિદ્યાપીઠમાં

૧૯૨૪ : મેની ૩૧મીએ ગાંધીજીના દ. આફ્રિકાના સાથી ઈમામ અબ્દુલ કાદર બાવઝીરનાં નાનાં દીકરી અમિના સાથે લગ્ન

૧૯૨૪ : હરિજન આશ્રમ સાબરમતીમાં નિવાસ

૧૯૨૫ : મજૂર મહાજન સંઘ તેમ જ ગૂજરાત વિદ્યાપીઠમાં ગ્રંથપાલ તરીકે

૧૯૩૦ : દાંડીકૂચની અરુણ ટુકડીના નાયક

૧૯૩૨ થી ૧૯૩૪ : જેલવાસ

૧૯૩૯ થી ૧૯૪૫ : ફરી જેલવાસ

૧૯૪૩–૪૪ : ગ્રામોદ્યોગ ગાંધીહાટ અને મહાગુજરાત ખાદીમંડળમાં
૧૯૭૨ સુધી સેવા આપી

૧૯૪૩–૪૪ : અમદાવાદ શહેર સમિતિના પ્રમુખ—દીવાન સાહેબના
નિધન સુધી

૧૯૪૫ : મુનિશ્રી સંતબાલજીના ભાલનળકાંઠા પ્રયોગમાં સક્રિય રસ
ધરાવી, પ્રમુખસ્થાને રહી સતત માર્ગદર્શન પૂરું પાડ્યું.

૧૯૪૮ : 'એકતા' સાપ્તાહિક શરૂ કર્યું

૧૯૫૨ : ધંધુકા મતદાર વિસ્તારમાંથી ચૂંટાયા.

૧૯૮૬ : ભાલનળકાંઠા પ્રયોગના સક્રિય પ્રમુખપદેથી શારીરિક કારણે
ફારેગ થયા

વકફમાં ૨૦ વર્ષ સુધી સેવા આપી

પરિવારમાં ત્રણ સંતાન—

સુલતાનાબહેન, હમીદભાઈ અને વહીદભાઈ.

# વિરલ સંભારણું



શ્રી કુરેશીભાઈના સૌજન્યથી કંકોતરી ગાંધીજીએ પોતાના હાથે પ્રગટ કરી હતી. મૂળ કંકોતરી સાથે અહીં તેનો અનુવાદ આપ્યો છે।

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
તા. ૧૯-૮-૧૯૨૪

વહાલા ભાઈ,

મારા ભાઈ સમાન આપના મિત્ર ઈમામ સાહેબ અબ્દુલકાદર બાવઝીર, જેઓ ઘણાં કેટલાંક વર્ષો થયાં દક્ષિણ આફ્રિકાથી જ મારી સાથે રહેતા આવ્યા છે, તે અહીં પણ મારી સાથે આશ્રમમાં રહે છે. તેમની દીકરી બહેન અમિનાબીબીની શાદી પંજાબના રસુલમિયાં કુરેશી સાથે કરવી છે, [illegible] તા. ૨૬ ઓગસ્ટ ૧૯૨૪ [illegible] દિવસે સાંજના સાડા સાત વાગ્યે થશે. આ શુભ પ્રસંગે આપ પધારશો અને દંપતીને આશીર્વાદ આપશો તો આભારી થઈશ.

મોહનદાસ કરમચંદ ગાંધી

ستیاگرہ آشرم

سابرمتی

تاریخ ۱۵ مئی ۱۹۲۳ء

پیارے بھائی آباس تیبجی

اخوت قرین حصفیر امام صاحب عبدالقادر باوزیر جو اب تک کئی
سال کا عرصہ گذرا جنوبی آفریقہ ہی سے میرے ہمراہ اقامت گزین ہے
ہیں وہ یہاں بھی میرے ساتھ آشرم میں قیام پذیر ہیں۔ اُن کی دختر مسماۃ
آمنہ بی بی کی شادی خانہ آبادی ہمراہ غلام رسول میاں قریشی
سے بتاریخ ۱۳ مئی ۱۹۲۳ء مطابق ۲۶ شوال المکرم ۱۳۴۲ھ بروز شنبہ
قرار پائی ہے۔ بعد مغرب سات بجے محفل میلاد شریف اور ساڑھے سات
بجے عقد خوانی ہوگی۔ اس مبارک موقع پر آپ تشریف ارزانی فرما کر
دولہا دلہن کو دعائے خیر و برکت سے شاد فرمائینگے تو بندہ ممنون ہوگا

موہن داس کرمچند گاندھی

(... مصطفائی ... بمبئی نمبر ۲)

## અમિનાબહેનની કંકોતરી અંગે ગાંધીજીની લાગણી

ગાંધીજીને હસ્તે લગ્નો તો થયાં છે, પરંતુ તેમણે જાતે ચાલીને પોતાને નામે લગ્ન કંકોતરી પ્રસિદ્ધ કર્યાના પ્રસંગો ક્વચિત જ છે. અમિનાબહેનને માટે, સાથી ઈમામ સાહેબને માટે તે કર્યું.

અહીં આપેલ કંકોતરી અબ્બાસ સાહેબ તૈયબજીને સંબોધીને લખાયેલ છે. તેમના ઉપરના પત્રમાં આ જાતના ઉદ્‌ગારો છે :

"અમિનાની શાદીનાં નોતરાં તો ઘણે હાથે ગયાં છે...એક મુસલમાનની દીકરી મારી જ છે, એ બતાવવા કેટલાક ગુજરાતી સાથીઓને મોકલ્યાં છે ખરાં, પણ તેઓની પણ આવવાની આશા હું નથી રાખતો. તેઓની પાસેથી પૈસા તો ન જ લેવાય. અમિના એક મુસલમાનની છોકરી મારે હાથે આપવાની છે એટલે તો ઈમામ સાહેબ ઈચ્છે તેથી ખર્ચ કર્યું છે,* કોઈ હિંદુ છોકરીનું લગ્ન મારે હાથે થવાનું હશે તો હું મુદ્દલ ખર્ચ કરવા નથી માગતો. કંકોતરી કેવી છે તે જોવા મોકલું છું."

(ગાંધીજીના અક્ષરદેહ પુ. ૨૪ને આધારે)

---

* આ કંકોતરી છપાવવા અંગેનું.

---

## સંત મિલનનું અંતિમ સંભારણું

મુનિશ્રી અને કુરેશીભાઈ વચ્ચે ઊંબેલામાં

મીરાંબહેન, અમિનાબાઈ અને અંબુભાઈ શાહ (૧૮-૩-૧૯૮૨ મુંબઈ)

# મારી સ્વરાજ્યયાત્રા

## શ્રી ગુલામ રસૂલ કુરેશી

પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયું. યુરોપમાં જાગેલ લડાઈમાં બ્રિટન મોખરે હતું. પોતાના રક્ષણના કારણે કાંઈ પણ નિમિત્ત વિના તેણે હિંદુસ્તાનને આ યુદ્ધમાં સંડોવેલ. હિંદુસ્તાનના સૈનિકો યુરોપની ભૂમિ ઉપર જર્મનો સાથે લડેલા અને ફ્રાંસ, બ્રિટન વગેરે દેશોની આઝાદ હવાનો તેમણે આસ્વાદ પણ ચાખ્યો હતો. વિજયભરી કામગીરી બજાવી ખુમારી સાથે તેઓ સ્વદેશ પાછા ફર્યા. કોઈ પણ સલ્તનત આવા શૌર્યવંત યોદ્ધાઓને બિરદાવે, પણ અહીં તેનાથી ઊલટું વિચારાયું.

બીજો પ્રશ્ન ખિલાફતનો હતો. યુદ્ધ દરમિયાન મુસલમાનોના ધર્મગુરુ 'ખલિફા' જર્મનોના પક્ષે હતા. અંગ્રેજોને ભીતિ હતી કે ધર્મના કારણે મુસલમાનો શત્રુપક્ષે ફરી બેસશે. તેથી ઇસ્લામી આલમને તેનાં ધાર્મિક સ્થળોમાં હસ્તક્ષેપ નહિ કરવામાં આવે તેવી હૈયાધારણ આપવામાં આવી હતી. અહીં પણ આપેલાં વચનોથી અવળાં જ પગલાં ભરાયાં.

સાધન, સૈન્ય અને સંપત્તિથી અંગ્રેજો અને મિત્ર રાજ્યોને હિંદુસ્તાને ભરપેટ મદદ પહોંચાડી હતી. તેના

બદલામાં તે વખતે પોતાનો વાસ્તવિક હક્ક હતો તે પૂરો પાડવા હિંદુસ્તાને પોતાને 'હોમરૂલ' બક્ષવાની બ્રિટન પાસે માંગણી મૂકી હતી. અંગ્રેજો ચેતી ગયા કે હિન્દુસ્તાનમાં જાગૃતિ આવી રહી છે. પડકાર ફેંકવાની હિંમત થઈ છે. ફ્રાંસ, ઇંગ્લેંડ જેવી ભૂમિ ઉપર હરીફરી ગયેલા, આઝાદીનો પવન ચાખેલા સૈનિકો છે. એવે વખતે હિંદુસ્તાન પોતાને ફાવતા સમયનો લાભ ના લઈ જાય તેની તકેદારી ખાતર સરકારે રોલેટ એક્ટ નામનો કાળો કાયદો પસાર કર્યો. આ કાયદો વ્યક્તિનું માનભંગ અને માનવ તરીકે ભોગવાતા તેના સીધા અધિકારો ઉપર તરાપ મારનાર હતો.

ત્યારની અંગ્રેજ હકૂમતની રમાતી પ્રપંચજાળ જોઈ ગાંધીજી ફફળી ઊઠ્યા. તેમણે કાળા કાયદા સામે પડકાર ફેંક્યો. પ્રજાને એ કાયદાનો બહિષ્કાર કરવા આવાહન આપ્યું. તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૧૯ના દિવસ દેશભરમાં વિરોધ દિન તરીકે જાહેર કરવામાં આવી. 'રોલેટ એક્ટ' કાળા કાયદાની નકલો સભાઓ ભરી જાહેરમાં બાળવાની અને આખા દેશમાંથી આબાલવૃદ્ધ સૌએ ઉપવાસ રાખવાની જાહેરાત કરવામાં આવી.

૧૮૮૫થી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ પોતાની વીતકકથા સરકાર આગળ મૂકતી આવી હતી. રાજ્યના અધિકારો પ્રજા ઉપર હોય છે. પ્રજાના અધિકારો પણ હોય છે તેનું ભાન કોંગ્રેસને સમય જતાં થવા લાગ્યું હતું. કાળના

વહેણ સાથે કોંગ્રેસ પોતાની માગણીઓ સરકાર આગળ મૂકતી પણ કેવળ ઉપરચોટીના ગણ્યાગાંઠ્યા માણસો તરફથી તે આવતી હોવાથી કે સરકાર-વિરોધી વ્યક્તિઓ તરફની તે છે એવી ગંધ આવતાં સરકાર જરૂરી લક્ષ આપતી નહોતી. વળી એ માગણીઓ જોકે સમગ્ર પ્રજાના કલ્યાણ માટેની હોવા છતાં તેની પાછળ આમજનતાનો અવાજ જોવા મળતો નહોતો.

ગાંધીજીએ આ ક્રમ બદલ્યો. તેમની દૃઢ માન્યતા હતી કે સામાન્ય માનવી સરકારના રંજાડ સામે પોતાનો અવાજ ઉઠાવે નહિ ત્યાં સુધી કોઈ પણ સરકાર પોતાના બહેરા કાન જ તે તરફ ધરી રાખવાની.

ગાંધીજીએ હિંદના રાજકારણમાં તા. ૬ એપ્રિલ, ૧૯૧૯ને સીમાચિહ્ન બનાવ્યું. ઉપવાસની વાત કરી સમગ્ર પ્રજાને પોતાના દુઃખની સહભાગી બનાવી. નાનામોટા સૌ જાગી ઊઠ્યા. ઠેરઠેર સભાઓ ભરાઈ અને 'કાળા કાયદા'નાં પુસ્તકોની હોળીઓ કરવામાં આવી. એ દિવસે ઠેકઠેકાણે ઉપવાસો થયા. અને પોતાના માથે ગુજરતી યાતનાઓના લોકો સમભાગી બન્યા. દેશમાં અજબ પ્રકારની બેદારી-પ્રગટી ઊઠી.

છઠ્ઠી એપ્રિલથી શરૂ થતું અઠવાડિયું એમ ને એમ વીત્યું. નાનકડી હોળીમાંથી પ્રગટેલી જ્વાળાઓ ભીષણ દાવાનળ બની. કેટલાંયે હુલ્લડો ફાટી નીકળ્યાં સરકાર સામેનો સુષુપ્ત રોષ પ્રચંડ ક્રોધમાં પ્રજ્વળી ઊઠ્યો. નિર્દોષોનાં

લોહી વહ્યાં. જલિયાનવાલા બાગનો હત્યાકાંડ એ જ અઠવાડિયાનો કારમો બનાવ છે. ગાંધીજીમાં બ્રિટિશ સલ્તનત તરફની સહેજ જેટલી રહેલી નિષ્ઠા આ હત્યા પછી અલોપ થઈ ગઈ. અહીં નોંધવા જેવું છે કે રાજ્ય તરફથી થતા કાળા કરતૂતના કારણે નફરત હતી, પણ અંગ્રેજ વ્યક્તિ તરફ રોષ નહોતો. આ સરકારને નમાવવી જોઈએ અને તે માટે શાંતિની રાહ પકડવી જોઈએ. તેમાં મર્દાનગી હોય પણ દુશ્મનાવટ ના ખપે. આ મંથનમાંથી વિષ પીતાં પીતાં ગાંધીજીને અસહકારનો માર્ગ સૂઝી આવ્યો.

કલકત્તાની ખાસ કોંગ્રેસમાં અસહકારનો ઠરાવ પાસ કરાવી ગાંધીજી અમદાવાદ આવ્યા. સાંજનો સમય હતો. પોતાના ઓરડામાં કાંઈ લેખનનું કામ તેઓ કરી રહ્યા હતા. અમે એકબે વિદ્યાર્થીઓ તેમની પાસે પહોંચ્યા. વિદ્યાર્થીઓનો સ્વભાવ ટીખળી હોય છે. તે સામેનાને મૂંઝવવાની પેરવીમાં રહે છે. એ જ જાતનો એક પ્રશ્ન મેં ગાંધીજીને પૂછ્યો. મારે અહીં કબૂલ કરવું જોઈએ કે તે પ્રશ્ન એક મહાન આદરણીય દેશભક્ત પ્રત્યેનો હતો. પ્રત્યુત્તરમાં ગાંધીજીએ સહેજ પણ ખચકાટ કે વ્યક્તિની શેહ-શરમ રાખ્યા વિના જે હતો તે સ્પષ્ટ ઉત્તર આપી દીધો. આ સાંભળી તે જ ઘડીએ મારું માથું તેમની સામે નમી પડ્યું.

૧૯૨૦નું વર્ષ. અસહકારના આંદોલનનું વર્ષ. ઠેક-ઠેકાણે વકીલોએ પોતાની વકીલાત છોડી, સરકારી નોકરોએ

પોતાની નોકરીઓ છોડી, વિદ્યાર્થીઓએ કોલેજો કે શાળાઓ છોડી. ટૂંકમાં, શકય રીતે સરકારને અપાતો સહકાર બંધ કરી તેને પાંગળી બનાવવાના પ્રયત્નો સર્વત્ર થવા લાગ્યા.

રાષ્ટ્રધર્મ સમજી મેં મારી કોલેજનો ત્યાગ કર્યો. આ સમયે ત્યાગી માટે બે વિકલ્પ હતા. કાં તો ત્યાગી તે કાળે સ્થપાતી કોઈપણ રાષ્ટ્રીય શિક્ષણસંસ્થામાં પોતાના વધુ અભ્યાસ માટે જોડાય કે ત્યારે ચાલતી સ્વરાજની સીધી લડાઈમાં ભળી જાય. મારે માટે મેં બીજો માર્ગ પસંદ કર્યો.

કોલેજનો બહિષ્કાર કરી હું મારા વતન ધંધુકા પહોંચ્યો. ઘરે જતાં કુટુંબ અને જ્ઞાતિના વડીલોની ખફગી વહોરવી પડેલી. કોમનું પહેલું બાળક આશાના હિંડોળે આગળ વધતું હોય ત્યારે અનેક જણની અભિલાષાઓ તેમાં છુપાયેલી હોય છે. તે એકાએક કકડભૂસ થઈ તૂટી પડતાં તેનો આઘાત જીરવવો વસમો થઈ પડે છે. આ વ્યથા કોઈ પણ સ્વજન જીભે કહેતા નહિ, પણ સામે મળતાં તેમના ચહેરાઓ પરથી તે સ્પષ્ટ તરી આવતું.

આ નિરાશાની ઘોર ઘટામાં એક આશાનું કિરણ હતુ. અમારા મોટાભાઈ સમાન ડો. પોપટલાલભાઈ મારી કુમકે આવ્યા. મારા પગલાને તેમણે વધાવી લીધુ. વર્ષોથી તેઓ જનસેવાનાં કામો કરતા રહેતા. રાજ-કારણમાં પણ ચંચુપાત ખરો. યુવાન સાથીની તેમને જરૂર હતી. મને તેમની હૂંફ મળી. અમે બાળકો ભેગાં કર્યાં અને રાષ્ટ્રીયશાળા શરૂ કરી.

શાળા ચાલુ કર્યે માંડ ગણતરીના દિવસો વીત્યા હશે કે અમને તાલુકા રાજકીય કોન્ફરન્સ બોલાવવાનું મન થયું. તારીખ નક્કી કરી. પ્રમુખપદ સ્વીકારવા અમે શ્રી વલ્લભભાઈ પટેલને વિનંતી કરી. સહર્ષ તેમણે અમારી અરજ માન્ય રાખી. ત્યારે સરદાર, શ્રી વલ્લભભાઈને નામે જાણીતા હતા.

૧૯૨૧માં ધંધુકા જવા માટે અમદાવાદથી ગાડી પકડી વીરમગામ, વઢવાણ–કેમ્પ હાલનુ સુરેન્દ્રનગર થઈ રાણપુર ઊતરવું પડે. ત્યારે ખાનગી મોટરો કે બસો આજના જેટલી ન હતી તેથી એક ખાનગી રાહે ચાલતી બસમાં ઠચુક ઠચુક કરતી શ્રી વલ્લભભાઈ અને તેમની મંડળી ધંધુકા આવી. શ્રી વલ્લભભાઈ સાથે મરહૂમ ઈમામ અબ્દુલ કાદર બાવઝીર અને શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક હતા. પણ કૉન્ફરન્સ ધંધુકામાં નહોતી. ધંધુકાથી તેર માઈલ દૂર ભડિયાદ મુકામે તે મળવાની હતી. રાતના ગાડામાં બેસી વાટે ધૂળ ફાકતા વહાણામાં અમે ભડિયાદ પહોંચ્યા.

ભડિયાદ ભાલના નાકાનું સુંદર ગામ છે. સુઘડ ખેતીના કારણે સુખી ગામ ગણાય. ત્યાં હ. મહેમુદશાહ બુખારી ર. અનો રોજો છે. દર વર્ષે રજબ માસમાં તેમનો ઉર્સ (મેળો) ભરાય છે, બહારગામથી ઠીક ઠીક દૂરના હિંદુ–મુસલમનો પોતાની શ્રદ્ધા પ્રમાણે આ મેળામાં હાજરી આપે છે. આ પ્રસંગનો લાભ લઈ અમે ભડિયાદમાં કૉન્ફરન્સ બોલાવી હતી. વહેલી સવારે ભડિયાદ પહોંચ્યા.

ગામના લોકોએ ઉમળકાભેર સૌનું સ્વાગત કર્યું.

અમે ઉતારે પહોંચ્યા. ગામનું મહાજન મળવા આવ્યું. સ્થાનિક દરબારો, ગ્રામજનો સૌ કોઈ મળવા આવ્યા. જ્યારે કેટલાક કુતૂહલથી પણ અમને જોવા આવેલા તેવામાં થોડાક ઉર્સની મેદનીના મુસલમાનો ઉતારાના નાકે આવી ઊભા. પણ તેઓ ઉતારામાં દાખલ થયા નહિ. તેમણે મને બોલાવ્યો અને કહેવા લાગ્યા કે તમે કોન્ફરન્સ રાખી તે સારું કર્યું. અમને તે ગમ્યુ છે. અમે મેદનીવાળા સૌ હિંદુ મુસ્લિમો કોન્ફરન્સમાં આવીશું.

બહારગામના હિંદુમુસલમાનો આ મેળામાં આવતા, પણ ગામના હિંદુનું કોઈ બાળક મેળામાં ફરકતું દેખાય નહિ. આખા ગામમાં મેળાના દિવસો દરમિયાન પાકી રહેતી. હાટડીએ હિંદુને માલ વેચાય પણ એક ફદિયાની અગરબત્તી કે દીવાસળીનું બાકસ મુસલમાનને વેચી શકાય નહિ એવી એ પાકી હતી. જો મુસલમાનને કાંઈ ખરીદવું હોય તો તેણે ત્રણ માઈલ ચાલી ધોલેરા જઈ ખરીદ કરવી પડે. આ દુઃખ મેળાવાળા મુસલમાનોએ મને કહ્યું.

બીજી બાજુ આખા દેશમાં હિંદુમુસ્લિમ એકતાનો પવન ઝડપથી વાઈ રહ્યો હતો. એકબીજાના ગમાઅણગમા ભુલાઈ રહ્યા હતા. બન્ને કોમો ભાઈ–ભાઈ બની આપસમાં એકબીજાને એ રીતે ભેટતી અને પોતાની નિખાલસતા પુરવાર કરવા પાછલાં વેરઝેર માંડી વાળતી. તો પછી ભડિયાદ આ એકતાથી કાં દૂર રહે? મેં આવેલા લોકોને

સાંત્વન આપ્યું ને ઘટતું કરવાની જવાબદારી માથે લીધી.

હું ઈમામ સાહેબ પાસે ગયો અને ઉપરના બનાવની વાત કરી. તેમણે તો લાગલા જ વલ્લભભાઈને વાત કરવાનું જણાવ્યું. હું સરદાર સાહેબ પાસે પહોંચ્યો. કાંઈક ખચકાતાં વાત કરી કે અહીં હિંદુમુસલમાનો વચ્ચે અણબનાવ છે. મેળાના દિવસોમાં હિંદુઓ પાકી પાળે છે. મુસલમાનો તે કારણે હેરાનગતિ ભોગવે છે. સરદાર કહે, "પાકી જવી જ જોઈએ." અમને શૂર ચડ્યું. મહાજન ભેગું કર્યું. લોકો પણ ભેગા થયા. સરદાર સાહેબ સ્થાન પર આવ્યા. તેમણે પોતાની લાગણીભરી જુસ્સાદાર વાણીમાં સમયની માંગ અને બિરાદરીનો ધર્મ એ વિષય પર સુંદર સમજણ આપી. મહાજન પીગળ્યું. પાકી ગઈ. મેળાની મેદનીના હર્ષનો પાર ના રહ્યો. નાળિયેર ફૂટ્યાં. ગોળધાણા વહેંચાયા. મેદની અને ગામલોકો એક બન્યા. એકબીજા હેતે ભેટ્યા. સાંજની કૉન્ફરસ અપૂર્વ પ્રસંગ બની રહી. સરદારની આંખ એક ઊગતા જુવાન ઉપર ઠરી, તે આંખ મીંચાતા સુધી અમી વરસાવતી રહી.

સરદાર વળતા દિવસે ધંધુકા છોડી અમદાવાદ પહોંચ્યા. તેમણે નરહરિભાઈને મારા વિષે વાત કરી. તે વખતે ગુજરાતની રાષ્ટ્રીય શાળાઓનું કામકાજ નરહરિભાઈને સોંપાયેલું હતું. નરહરિભાઈનો પત્ર આવ્યો કે મારે તરત ખેડા જિલ્લાના મહેમદાવાદ પહોંચી ત્યાંની અંગ્રેજી, ગુજરાતી, ઉર્દૂ શાળાઓ તેમ જ ગુજરાતી, ઉર્દૂ કન્યાશાળાઓનો

વહીવટ અને શિક્ષણ સંભાળી લેવાં. હું મહેમદાવાદ ગયો. ત્યાંના હિંદુમુસલમાન, નાનામોટા સૌ ભાઈઓએ મને વધાવી લીધો. એ સંભારણાં ઘણાં મીઠાં રહ્યાં. આજ પચાસ વર્ષ વીત્યે પણ તેની સુવાસ ઊડી ગઈ નથી.

૧૯૨૨નું વર્ષ એવું. રાજકીય જુવાળ ઠંડો પડવા લાગ્યો હતો. અમદાવાદ જિલ્લા ખિલાફત કમિટીએ પોતાના એક મંત્રી તરીકે મારી નિમણૂક કરી. ભાગ્યે જ તે કામ બે મહિના કર્યું હશે કે ઑલ ઈન્ડિયા ખિલાફત કમિટીએ પોતાના દફતરમાં મને બોલાવી લીધો. ત્યારે "સ્મિરના રૈયારા ફંડ"નું ઉઘરાણું ચાલતું હતું તે ઉઘરાણાનું કામ ગુજરાત પૂરતું મને સોંપવામાં આવ્યું. ૧૯૨૩માં ગુજરાત વિદ્યાપીઠના વહીવટીકામમાં હું જોડાયો. ૧૯૨૪ના મેની ૩૧મી તારીખે ઈમામ અબ્દુલ કાદર બાવઝીરની નાની દીકરી અમિના સાથે લગ્ન થયું. લગ્નની કંકોત્રીઓ બાપુએ પોતાના નામે છપાવેલી અને કન્યાદાન પોતે જ આપ્યું. તે વખતે ઈમામ સાહેબને પ્રજામાં માત્ર અમિના એક દીકરી જ હતી એ રીતે ૧૯૨૪થી આશ્રમમાં રહેવાને સ્થાન મળ્યું. ૧૯૨૫માં ટૂંકા સમય માટે જોઈન્ટ સેક્રેટરી તરીકે લોન સર્વિસ પર મજૂર મહાજનમાં જોડાવાનું બનેલું, પણ કાર્યકર્તાઓના મતભેદના કારણે તે અલ્પજીવી રહ્યું. અને લોન સર્વિસ ટૂંકાવી વિદ્યાપીઠમાં ફરી પાછો આવી ગયો. ત્યારે મને ગ્રંથપાલનું કામ સોંપાયું.

૧૯૩૦નું વર્ષ નમક સત્યાગ્રહનું. બાપુએ દાંડીકૂચ

શરૂ કરી. દાંડીકૂચ વખતે બાપુના પડાવ દિવસના અને રાતના એમ બે ટપ્પે રહેતા બાપુની અને કૂચના સૈનિકોની જરૂરિયાત અને વ્યવસ્થાની દિવસની કામગીરી વિદ્યાપીઠના વિદ્યાર્થી મિત્રો સાથે મને સોંપાઈ. એ કામ ઘણું કપરું હતું. રોજ પડાવ બદલાય તેની સાથે જ નવી વ્યવસ્થા ઊભી કરવાની રહે. પડાવના લોકો અને મુખીઓ અતિ ઉત્સાહી. એક વસ્તુની માંગ કરતાં ચારચાર વસ્તુઓ લાવી મૂકતા, પણ આશ્રમની રહેણી કરણી અને રીતભાતથી તદ્દન અજાણ્યા, સ્વચ્છતાનો આછોપાતળોયે ખ્યાલ ના મળે, જ્યાં ત્યાં બેસતા, થૂંકતા જે જે મળી આવે તેને કામમાં લઈ લેતા. પણ બાપુ પાસે આ ન ચાલે.

* * *

પડાવ થવાનો હોય ત્યાં બાપુની બેઠકની કે તેમના આરામની તેલમાલિશ અને સ્નાન માટેની બધી જગ્યાઓ સાદી પણ તદ્દન સાફ, જાળાંબાવાં કે કરોળિયા વગરની ધૂળ–બેપટથી મુક્ત હોવી જોઈએ. ગંદું પાણી એકઠું ન થતાં તે વહી જતું હોવું જોઈએ. એ મુજબ સ્વચ્છતાના નિયમો ઘણા ઉચ્ચ ધોરણના જાળવવાના રહેતા. જેવું બાપુ માટે તેવું જ સૈનિકો માટે મુતરડીઓ, પાયખાનાં રાતોરાત નવાં જ ઊભાં કરવાનાં રહેતાં. રસોડાનાં નાનાંમોટાં વાસણો ઘસેલાં સાફ રાખવાનાં થતાં. ખોરાકમાં મરચાં, મસાલા વિનાનો માત્ર મીઠું નાખેલ સાદો ખોરાક લેવાતો. આ રીતે

રોજ પડાવ બદલાય અને રોજેરોજ નવી ગોઠવણુ કરતા જ રહેવાની થતી.

દિવસે બાપુનો મુકામ થવાનો હોય તે પહેલાં અમારો પડાવ અગાઉની રાતથી જ નિયત સ્થળે પહોંચી જતો. ગામના ભાઈઓ વાટ જોઈ ભાગોળે બેઠા જ હોય. અમે પહોંચ્યા કે તરત જ "શું કરવું ન કરવું"ની બુમાબુમ મચી જાય. દરેક જણુ પોતાનાથી બનતું બધું કરી છૂટવા ઉપરાઉપરી પ્રશ્નોની ઝડી વરસાવે. પણુ ટુકડીનો નાયક એકીસાથે સૌને જવાબ કેવી રીતે આપી શકે? થોડો વખત જાય, કામ વહેંચાય અને સૌ શાંત પડે; ત્યાં રાતના બાર વાગવા આવે. ધીમે ધીમે સૌ સૂવા લાગે. સૂવામાં નાયક સૌથી છેલ્લો. એવામાં પરોઢિયાના ચાર વાગવા આવે. પ્રાર્થનાની ઘંટડી વાગે. સૌ જાગે અને પ્રાર્થના બોલે.

રાતની વ્યવસ્થા ફરીથી તપાસી જવામાં આવતી. ઘટતે ઠેકાણે સ્વયંસેવકો ગોઠવી દેવાતા. દરેકને પોતપોતાને કરવાનું કામ સોંપાઈ જતું. આ બધામાં સૌથી અગત્યનું કામ શાંતિ જાળવવાનું. અવાજ થાય નહિ. બરાડા પાડી બોલાય નહિ. ઘોંઘાટ મચાવાય નહિ. નીરવ શાંતિ સાચવવાની ઘણું અઘરું કામ. સામાન્ય રીતે આપણે આવી રીતે ટેવાયેલા હોતા નથી. પણુ બાપુ જ્યાં જવાના કે રહેવાના હોય ત્યાં આ તાલીમની અત્યંત આવશ્યકતા રહેતી.

બીજો દિવસ થતો, પોહ ફાટતો. પૂર્વ દિશામાં સૂર્યે દેખા દીધી કે બાપુના આવવાનો વખત થતો. લોકો

ઉત્સાહના હિંડોળે નાચવા લાગતા. સૌનાં મોઢાં બાપુના આવવાની દિશા તરફ મંડાતાં. રાતભરની મહેનત અને શાંતિની સમજાવટ એ ઘડીમાં હતી ન હતી થઈ જતી. કારણ કે બાપુ આવે છે; તેમના દર્શન કરવાં છે. લોકો સાબદા થાય, જુવાનિયા દોડે, બાળકો નાચે, બાપુ આવતા દેખાયા તે દાંડીકૂચ આવે છે. બૈરાં માથે કળશ ધરી સામૈયું કરવા જાય, ત્યાં સામી દિશાએ ટુકડી આવતી નજરે પડે. બાપુ જાણે દોડતા લાગે. પંડિતજી હાથમાં તંબૂરો અને મોઢે રામધૂન બોલાવતા હોય.

ઉતારે આવતાં બાપુ હાથપગ લૂછતા. સ્નાન કરતા. અને પોતાના લખવા-વાંચવાના કામે લાગતા. ગ્રામજનો-બહારથી આવેલા મહેમાનો, છાપાંવાળા અને બીજા દર્શન માટે પડાપડી કરી મૂકતા. એ બધાને રોકવામાં આવે પણ રોકાય શાના ?

એમ કરતાં કરતાં પડાવ ભરૂચ જિલ્લાના સમની ગામે પહોંચ્યો. પોતાની નજરે નહિ પડતાં બાપુએ પૂછ્યું: “કુરેશી ક્યાં ?” હું તાવમાં પટકાયેલો. ઉતારાના એક ખૂણે તાવભર્યો હુંકારા ભરતો હતો. કામ સાદાં હતાં. કામમાં મદદ કરનારા એક કરતાં અનેક હતા. પણ કામ કરવાની આવડતની ખામી, કામને પહોંચી વળવાનો અતિ ઉત્સાહ અને બાપુનાં દર્શન માટેની દરેકના હૃદયમાં છુપાયેલી ઘેલછા ઉપરાંત નિત્ય બદલાતા ઉતારા અને પ્રત્યેક દિને નવી ગોઠવણો કામને સરળ કરવાને બદલે અઘરાં કરી મૂકતી હતી.

વળી, દાંડીકૂચના સૈનિકો પણ કાંઈ બધા દેવો ન હતા. તેમાં ઘડાયેલા મહારથીઓ હતા. તો તરતમાં જ આશ્રમમાં આવેલા આશ્રમજીવનથી બિલકુલ ગાફેલ કે નહિ ટેવાયેલા, પણ બાપુના બોલ ઝીલી ફનાગીરીની રાહ લઈ આ ટુકડીમાં શામેલ થયેલા નવા આગંતુકોયે હતા. આવી રીતે ભિન્ન ભિન્ન વિચાર અને જુદી જુદી ટેવોવાળાઓને એકીસાથે સાચવવાના અને સંભાળવાના રહેતા.

એક બીજી મુશ્કેલી પણ હતી. જ્યાં પડાવ થતો ત્યાં ચોવીસ કલાક પૂરા રહેવાનું બનતું નહિ. લગભગ આખી રાત કામની. પત્તાનો મહેલ ઊભો કરવાનો, બાપુની શાંતિ સાચવવાની, સરકારની શિરજોરીથી સાવધ રહેવાનું, લોકોના ગમાઅણગમા પરખતા રહેવાનું, ટુકડીની જરૂરિયાતો ધ્યાનમાં લેવાની, એમ બધું એકીસાથે સાચવી લેવાનું રહેતું. વળી, લોકોની આવતી અઢળક પૈસારૂપે મળતી મદદનો હિસાબ રાખવાનો પણ રહેતો. "માંડવો બાંધવામાં સૌ ભેગા થાય પણ તેને છોડતી વખતે કોઈ ના દેખાય." તેમ બાપુ આવે છે એ અવાજે કેટલાયે જણ મદદ પહોંચાડવા દોડાદોડ કરી મૂકે અને બાપુએ સાજની કૂચ કરીને પગલાં ઉપાડ્યાં કે કોઈ પાસે ફરકનારું ના મળે. જેનું જે લાવ્યા હતા, જે જે ગોઠવ્યું હતું તે બધું પાછું સોંપવાનું, કોઈની ફરિયાદ ના ઊઠે તે જોવાનું, તેથી માનસિક તાણ ખૂબ જ રહેતી. જંબુસરમાં તાવે પકડ્યો, પણ સમણી પહોંચતા તાવે નકામો બનાવી દીધો. બાપુ ખબર કાઢવા આવ્યા.

જોઈ, ભરૂચ આશ્રમમાં જઈ, આરામ લેવા અને પછી ત્યાંથી કૂચમાં જોડાવાનો હુકમ છૂટયો. સાથે સાથે બાપુએ ઈમામ સાહેબને પત્ર લખ્યો "કુરેશીના કામથી મને સંતોષ છે."

તા. ૫ એપ્રિલ, ૧૯૩૦ કૂચના યાત્રીઓ દાંડી પહોંચ્યા. બાપુએ સંભાળ રાખનાર ટુકડીઓ અરુણ ટુકડીઓના નામે ઓળખાવી. પણ દાંડી પહોંચી જઈ બાપુએ અરુણ ટુકડી-વાળાઓને પોતાની ટુકડીમાં શામેલ કરી લીધા. તા. ૬ઠ્ઠી એપ્રિલે "નમકકા કાયદા તોડ દિયા" હિંદુસ્તાનમાં ત્યાગ, બલિદાનનો નવો યુગ શરૂ થયો.

૧૯૩૦થી માંડી ૧૯૩૩ સુધીનાં વર્ષો ભારતવાસીઓ માટે જેલજીવન અને કુરબાનીના દિવસો હતા. બાપુ પકડાતા અને છૂટતા તે પ્રમાણે જનતાને પણ પકડાવા છૂટવાના લહાવા મળતા.

૧૯૩૧નું વર્ષ સંધિગોષ્ઠિમાં ગુજર્યું. પણ ઈશુનું ૧૯૩૨નું વર્ષ બેસતાં શાંતિ માટે મરી ફીટનાર શાંતિના દૂત બાપુને જેલના સળિયા પછવાડે ધકેલી દેવામાં આવ્યા. સરકારી અમલદારોએ લોકો ઉપર અનેક પ્રકારની યાતનાઓ ઠાલવવા માંડી, દમનનો કોયડો વીંઝવા માંડયો. ૧૯૩૦માં સત્યાગ્રહીઓ માટે લાઠીમાર અને કારાવાસ હતા. જ્યારે આ વખતે સરકારે તે ક્રમ બદલ્યો. સંખ્યાબંધ ધરપકડ અને લાઠીમારને બદલે સરકારે માલમિલકત અને જમીન સુદ્ધાં જપ્ત કરવા માંડયા હતાં. જે લોકોએ કાનૂનભંગ કર્યો હોય તેમની જ નહિ પરંતુ તેમનાં માબાપ અને

સગાંઓની મિલકતો પણ જપ્ત કરી લેવામાં આવતી. એટલે હવે તો જે સત્યાગ્રહી બને એનું આખું કુટુંબ રઝળી પડે એવું બન્યું હતું. ત્રાસનું વાતાવરણ ચારે તરફ ફેલાયેલું રહેતું.

૧૯૩૩નું વર્ષ. મે મહિનામાં બાપુને એકાએક છોડી મૂકવામાં આવ્યા. જુલાઈ માસમાં તેઓ અમદાવાદ આવ્યા. ખેડા જિલ્લામાં સરકાર વિરુદ્ધ રાસના ખેડૂતોએ નાકરની લડત ઉપાડી હતી. પોતાની લડતમાં એ ખેડૂતોને ઉત્સાહ રહે તે માટે બાપુ રાસ જવા માગતા હતા. બાપુએ જેને પોતાની ઉત્તમ કૃતિ માની હતી તે સત્યાગ્રહ આશ્રમનું નામ બદલાઈ હવે ઉદ્યોગ મંદિર બનેલ, તેને આ લડતમાં તેઓ હોમવા માગતા હતા. આશ્રમના પુરુષો જ્યાંત્યાંની જેલોમાં સબડતા હતા. સ્ત્રીવર્ગ શકય તે રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં રોકાયેલો હતો. પણ રાસના ખેડૂતોની યાતનાઓ સામે બાપુને આશ્રમવાસીઓ આરામ ભોગવતા જણાયા. બાપુએ બહેનોને ભેગાં કર્યાં. તેમની સામે પોતાની મનોવ્યથા ઠાલવી. બાપુના બોલ માથે ચડાવવા બહેનો ટેવાયેલી હતી. તેઓ આ વાત સાંભળી થનગની ઊઠી. બહેનોની કૂચ રાસ લઈ જવાનું નક્કી કર્યું. કૂચમાં જોડાવા ઈચ્છતી બહેનોનાં નામો માગવામાં આવ્યાં. નામ નોંધાવવામાં પડાપડી થવા લાગી. ત્યારે અમિના કાંઈ રોકી રહે! તે બાપુને કહે "મારું નામ નોંધો."

"તારાથી કુરેશીની પરવાનગી વિના આ લડતમાં

જોડાઈ શકાય નહિ." બાપુએ કહ્યું. અમિનાએ તરત કહ્યું: "તો મને કુરેશી પાસે જવાની રજા આપો – હું લડતમાં જોડાવાની. હું કુરેશીની રજા લાવવાની."

બાપુ કહે: "તો જા, રજા લઈ આવ."

હું તે વખતે વીસાપુરની જેલમાં હતો. અમદાવાદથી મુંબઈ અને પૂના થઈ વીસાપુર પહોંચાય. અમિનાએ વીસાપુર ઊપડવાનો નિર્ણય કર્યો. મુસાફરીઓની બધી હાડમારીઓ વેઠવા તે નીકળી પડી. રસોડામાં ક્યારેક ઉંદરડી ભાળી જાય તો "વોય બાપ" કહી દૂર ભાગે તે અમિના આજે દેશભક્તિમાં તરબોળ બની પોતાના પતિની પરવાનગી લેવા વીસાપુરના પંથે ઊપડી.

સવાર વીતી જવા આવી હતી. બપોરનો તડકો માથે પડી રહ્યો હતો. હમણાં જ બગીચાના ખાડા ખોદી, જેલનું સવારનું ભોજન આરોગી આરામ લેવાની તૈયારીમાં અમે કેદીઓ હતા. તેવામાં જ્યાં નામના બદલે નંબરથી કેદીનો પિછાન થાય છે તે રીતે મુલાકાત માટે મારો નંબર પોકારાયો. હું તો આભો જ બની ગયો. દૂર દૂર આવા જંગલમાં મારી મુલાકાત! કોણ હશે? એ જાતના તર્ક કરતાં જેના માટે ચોકીદાર જોઈએ એવા કેદીઓની દેખભાળ નીચે વીસાપુર જેલ તરફ મેં પ્રયાણ કર્યું. મુલાકાતના ઓરડે પહોંચી જેલસાહેબને પૂછતાછ કરતાં તેઓ કહે, "તમારા પત્ની અમિના છે." ક્ષણભર હું તે સાચું છે એમ માની શક્યો નહિ. આવનાર વ્યક્તિ પણ મને જુદા વેશે

જોતાં જ આશ્ચર્યચકિત થઈ ત્યાં મારાથી બોલી જવાયું "અમિના ! તું ક્યાંથી ?"

"કેમ ? હું તમને મળવા આવી છું." અમિનાએ થાકેલી હોવા છતાં સ્મિત સાથે જવાબ આપ્યો.

"આટલે દૂર ? એકાએક" હું બોલી ઊઠ્યો. મને કાંઈ જ સમજ પડી નહિ. "જુઓ. રાસના ખેડૂતો રઝળી પડ્યા છે." અમિનાએ કહ્યું. "ઉપર આભ અને નીચે ધરતી સિવાય તેમને કોઈ આશરો નથી. ઢોર, ઢાંખર ઘરવખરી, જરજમીન, જે કાંઈ હતું તે બધું તેઓ ખોઈ બેઠા છે. પાણીના મૂલે બધું હરાજ થઈ ગયું તે જોઈ બાપુનો આત્મા કકળી ઊઠ્યો છે. તેઓ કહે છે તળાવની પાળે કાંઈ પણ આશ્રય વિના આ ખેડૂતો જિંદગી ગુજારે અને આપણે આશ્રમવાસી તે નિરાંતે જોયા કરીએ ? તમે આશ્રમના પુરુષો જેલમાં છો. બાપુ રાસના ખેડૂતોનાં દુઃખોમાં ભળવા આશ્રમની બહેનોની કૂચ કાઢવા માંગે છે. આશ્રમ વિખેરી નાખવા માગે છે. હું પણ કૂચમાં મારું નામ નોંધાવવા માગું છું, બાપુ પાસે નામ નોંધાવવા ગઈ હતી. પણ બાપુ કહે, 'કુરેશીની પરવાનગી લીધી ?' મેં કહ્યું 'તે ના નહિ પાડે.' તો બાપુ કહે 'એમ ના ચાલે, જા, રજા લઈ આવ' એટલે આવી.

હું અમિનાનું મોઢું જોતો રહી ગયો. શું તે અમદાવાદથી અહીં વીસાપુર આવી ? જંગલમાં વસાવેલી જેલ પર આવી ? મારા આશ્ચર્યનો પાર ના રહ્યો. અને અમે

બન્ને જેલના જેલર સામે જોતાં રહ્યાં પછી મેં કહ્યું, "ભલે જાઓ."

અમિના રાજી થઈ. વળી, પાછું કાંઈ યાદ આવતાં બોલી, "હા! ઈમામ મંજિલનું શું ?" ઈમામ સાહેબના વખતથી અમારૂં નિવાસસ્થાન ઈમામ મંજિલ તરીકે ઓળખાતું હતું. મેં કહ્યું, અમિના આપણો સંબંધ બાપુથી છે, બાપુ છે તો ત્યાં બધું જ છે. બાપુ નથી તો આપણું કાંઈ નથી. વળી તું તો સત્યાગ્રહમાં જવાની, પછી ઈમામ મંજિલનો મોહ શાને ?

"બુલબુલને આશિયાં ચમનસે ઉઠા લિયા,
ઉસકી બલાસે ગર બૂમ રહે યા હુમ રહે."

જે કોઈ ત્યાં જાય તે તેનો ઉપયોગ કરે. પહેરે લૂગડે કે એકાદ જોડ કપડાં લઈ તારે ઘર બહાર નીકળી જવાનું. સમજી ? તે કહે, "સમજી, બરાબર સમજી, એમ જ કરીશ. સાથે કશું નહીં લઉં."

વળી તેણે કહ્યું, "તો બાળકોનું શું ?"

પ્રશ્ન આકરો હતો. અને જવાબ તેથીયે આકરો. જવાબ તો પહેલામાં આવી ગયો. જે છે, કે હોય તે બધું અલ્લાહના આધારે મૂકી ઈમામ મંજિલ છોડી દેવું. પણ તું બાળકો માટે પૂછે છે તો તે માટેનો પણ એ જ જવાબ છે. છતાં તારૂં મન ના માનતું હોય તો કહું કે સગાસંબંધીઓ, મિત્રો સ્નેહીઓ ઘણા છે પણ તેમને આવા કટોકટીના વખતે બાળકો ના સોંપાય. આપણા માટે

હીણું દેખાય, કેમ કે તેમના માથે સરકારની ધોંસ જાય. દેશ મોટો છે. અસંખ્ય બાળકો મા–બાપવિહોણાં આ દેશમાં ભટકે છે. ફેર એટલો છે કે આપણે દેશ માટે ફનાગીરી અખત્યાર કરી છે. આ કસોટી છે. આપણે અંતિમ બલિદાનની તૈયારી રાખવી જોઈએ.” મારું હૈયું ભરાઈ ગયું હતું. મેં ધીરેથી કહ્યું, “અમિના ! બાળકોનો બેલી ખુદા છે. તારું મન માનતું હોય તો છે ત્યાં જ તેમને રહેવા દે પણ જો દિલ ના માનતું હોય તો ત્રણ દરવાજે જઈ તેમને મૂકી દેજે. દેશ માટેની ફકીરી સાબિત થશે. તેઓ ભીખ માંગશે, પણ તે ગૌરવભરી ભીખ હશે.”

આંસુભરી આંખે અમિના ઊભી થઈ. શૂન્યમનસ્ક જેલર જોતો રહ્યો. વિચારમૂઢ બની હું આખરી વિદાય આપવા ઊભો થયો. “ખુદા હાફિઝ” કહી બન્નેએ પોતપોતાની વાટ લીધી. એક અમિના ફનાગીરીના રસ્તે ચાલી. બીજો હું મૂઢની જેમ મારી બેરેક તરફ વળ્યો, ત્રીજા જેલર એકબીજા તરફ કૌતુકભરી આંખે જોઈ રહ્યા. સૌ કોઈ જાણે હરતાં ફરતાં જાણે મીણનાં પૂતળાં હતાં.

અમિના આશ્રમ પહોંચી. વીસાપુર સુધીની મુસાફરી અને વીતક તેણે બાપુને કહ્યાં.

તે બાપુને કહે, “હું કુરેશીની સંમતિ લઈ આવી.”

બાપુ કહે, “એ તો એમ જ થાય. મને ખાતરી હતી. હવે તું કૂચમાં જોડાઈ શકે છે.” અલબત્ત બાળકો કલ્પેલી દુર્ઘટનામાંથી બચી ગયાં, અનસૂયાબહેન સારાભાઈ અમારાં

બાળકો સાથે આશ્રમનાં બધાં બાળકોને પોતાના ત્યાં લઈ ગયાં. આશ્રમ વિખાયું. બાપુને પકડ્યા. બહેનો બધી જેલમાં ગઈ. સાથે અમિના પણ ગઈ.

૧૯૩૨ થી ૧૯૩૪ સુધીના દિવસો જેલજીવનના હતા જેલમાંથી છૂટયા કે પાછા ત્યાં પહોંચ્યા જ છીએ.

આમ કરતાં વર્ષો વીત્યાં. તેવામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. દેશભક્તો અને દેશદાઝવાળા પાછા ફરી કસોટીમાં મુકાયા. બાપુએ વ્યક્તિગત સત્યાગ્રહની ચળવળ ઉપાડી. તેમાં સૌ ઝંપલાવા લાગ્યા. મારે માટે ૧૯૩૯ના છેલ્લા દિવસોમાં જેલયાત્રા આવી. લગભગ ૧૯૪૦–૪૧ માં ડેટિન્યુ હતા તેમાંથી સરકારે મુક્તિ આપી. થોડા દિવસો માટે બહારનાં હવાપાણી ખાધાં ખરાં ત્યાં ૧૯૪૨નું વર્ષ શરૂ થયું.

૧૯૪૨નું વર્ષ. 'કરેંગે યા મરેંગે'ની લડત તા. ૮ મી ઓગસ્ટની રાત્રે ગોવાલિયા ટેંકના ઠરાવના કારણે દેશના નેતાઓને જ્યાં અને ત્યાં પકડી લેવામાં આવ્યા. તા. ૯ મીના રવિવારે ઈમામ મંજિલની ઓસરીમાં બેસી આશ્રમના આવી પહોંચેલા મિત્રો સાથે રાતની થયેલી ધરપકડની વાતો અમે સૌ કરતા હતા ત્યાં શ્રી મણિબહેન પટેલ અને શ્રી મણિભાઈ ચતુરભાઈ શાહ આવ્યા. તેમણે મોટા ભાગના અમદાવાદના અને કેટલાક ગુજરાતના પકડાયેલાઓની વાતો કરી. અને આપણે આગળ શું કરવું ને જાણવા માગ્યું, મેં મણિભાઈને કહ્યું, "તમે મ્યુનિસિપાલિટીના પ્રમુખ છો.

તમે રસ્તો બતાવો." તેઓ કહે "હું બોર્ડની મીટિંગ તત્કાલ બોલાવું છું. તમે કુરેશીભાઈ, પ્રાંતિક સમિતિની કારોબારીના એકમાત્ર સભ્ય છૂટા છો. હવે શું કરવું તે ચાલો આપણે વિચારીએ." મેં કહ્યું, "બરાબર છે. આપણે લોકલ બોર્ડના મેદાનમાં આજે સાંજના મીટિંગ રાખીએ. મોઢે મોઢે, સાઈકલિસ્ટો દ્વારા કે ભીંત અને ભોંયપત્રિકાઓ મારફતે શહેરભરમાં સમાચાર પહોંચાડી દઈએ કે આજે સાંજે પાંચ વાગ્યે દેશભરમાં થયેલી ધરપકડના વિરોધમાં લોકલ બોર્ડના મેદાનમાં જાહેર સભા રાખવામાં આવી છે તેમાં સૌને આવવા વિનંતી છે." આ વાતચીત ચાલતી હતી તેવામાં આજુબાજુના કેટલાયે ભાઈઓ ભેગા થઈ ગયા. નિર્ણય લેવાતાં જ સભાની જાહેરાત કરવા જોમભેર જુવાનિયા નીકળી પડ્યા. પોળે પોળે અને લત્તેલત્તે મીટિંગના સમાચાર લઈ તેઓ ફરી વળ્યા.

સવારના દસ–સાડાદસના સુમારે મનમાં જેલ કે ગોળીની તૈયારી સાથે કુટુંબની વિદાય લીધી. પગે ચાલતાં, એલિસબ્રિજ પુલ વટાવી વિક્ટોરિયા ગાર્ડન, ચર્ચ પાસેથી પસાર થઈ પ્રેમાભાઈ હોલ આગળ આવતાં અંગ્રેજ સરકારે ચળવળને દાબી દેવા ભરેલા પેંતરાનો ઠઠારો જોવા મળ્યો. શહેરમાં આગળ જતાં રસ્તા નિર્જન, વસ્તીમાં રસ્તે ઊભેલા બંદૂકધારી કે લાઠીધારી અહીં તહીં જોવા મળે, અથવા પોળના નાકે ઊભેલા મોટેરા અને નાના બાળકો જેઓ પોકારતા હોય, "ઇન્કિલાબ ઝિંદાબાદ" અને એ ઘોષણા

એમ ને એમ લંબાતી જાય. દૂરદૂર તેના પડઘા સંભળાય. સિપાઈઓ ચિડાય. ડંડા લઈ તેઓ બાળકોની પાછળ પડે બાળકો પોળમાં ભાગે. બિચારા સિપાઈઓ નાકે આવી થંભી જાય. આ સંતાકૂકડી જ્યાં અને ત્યાં જોવા મળતી. કારંજ પોલીસ ચોકીથી આગળ વધી ત્રણ દરવાજા, પાનકોર નાકા વટાવી ફતાસા પોળે પહોંચતાં પહોંચતાં આઝાદીના ઉન્માદમાં આવેલા યુવાનોને જોવા એ જિંદગીનો લહાવો હતો. બાલાહનુમાન અને ખાડિયા ચાર રસ્તા છોડ્યા. અમદાવાદમાં રાષ્ટ્રીય ચળવળના ગઢ ગણતા ખાડિયા તરફ હું વળ્યો. રાયપુર ચકલે પહોંચ્યો. આ તરફ પોલીસ-રાજ્ય ન હતું. "કરેંગે યા મરેંગે"ની બુલંદ બાંગો ચારેકોર સંભળાતી હતી હૈયું આનંદથી ઊભરાતું હતું. એ આખો દિવસ વરસાદ પણ જાણે આ ઉત્સાહમાં સૂર પુરાવતો હોય તેમ ધીમે ધીમે ટપકતો રહેલો.

રાયપુર ચકલાથી ફરતાં સાંકડી શેરીના નાકે આવી ઊભો.

ચાલતાં ચાલતાં થાક્યો હતો. કપડાં પલળીને લથબથ થયાં હતાં. પાંચ વાગ્યાની મીટિંગને હજી વાર હતી. વિસામો જોઈતો હતો. તેવામાં મને જોઈ જતાં એક મિત્રે પોતાના છજામાંથી મોટેથી બૂમ પાડી, "કુરેશીભાઈ! અહીં આવો. ક્યાં જાઓ છો ? ખબર નથી ? પાડાપોળ. આગળ ગોળી છૂટી, એક ભાઈ વીંધાઈ ગયો."

જેણે દેશની આઝાદીને ખાતર પોતાના જાનનું

બલિદાન આપ્યું તેને માટે દિલમાં લાગણી પ્રગટી. પ્રજાનો ઉત્સાહ જોઈ આનંદ થયો. આ સમય રડવાનો નહોતો.

આરામ માટે મિત્રના આગ્રહથી તેમને ત્યાં ગયો. પલળેલાં કપડાં નિચોવ્યાં. થોડાંક કાઢયાં, થોડાંક રાખ્યાં અને સૂતો. સવાચાર સાડાચારે એ ઘર છોડયું. પાછળ મોટું ટોળું આવે.

"શિર જાવે તો જાવે, આઝાદી ઘર આવે." ના ગગન-નાદ કરતાં કયાંય છુપાતા ઘેરૈયા પાછળ આવ્યા કરે. સાંકડી શેરી પૂરી કરી, માણેકચોક થઈ પાનકોર નાકા, ત્રણદરવાજા, વટાવી ભદ્રના કિલ્લામાં થઈ લોકલ બોર્ડના મુખ્ય દરવાજે આવી ઊભો. હકડેઠઠ, બુકાનીધારીઓ હાથમાં બંદૂકો લઈ ઊભા છે. અને લોકલબોર્ડના મેદાનમાં મળી રહેલ સભા તરફ બંદૂકો તકાઈ રહી છે.

સભાની વચ્ચોવચ્ચ પહોંચ્યો, માનવનો મનખો માય નહિ તેટલો ભરાયો છે. નીરવ શાંતિ છે. પ્રત્યેક જણને શહીદીની તમન્ના છે. જમણે અને ડાબે, આગળ અને પાછળ બોલું તે વેણુ ઝીલી લેવાની ઉત્સુકતા દરેકના ચહેરા પર સ્પષ્ટ તરી આવે છે. ઊભા થઈ સંબોધન કરવા લાગું છું. હાજર ભાઈ–બહેનોને વિનંતી ગુજારું છું. "જુઓ, આજની ઘડી કપરી છે. પૂર્વ દિશાએ કિલ્લાને લાગી, ટોપા ચડાવી જે ભાઈઓ જે રીતે ઊભા છે તેથી તમે કલ્પી શકો છો કે આ પળો આપણે માટે ઘણી ભીષણ છે. ગોળી છૂટે અને આપણે હઠીએ તે કાયરતા છે. કોઈ પણ ભાઈ કે

બહેન આપણું કાર્ય શરૂ થાય છે તે પહેલાં અહીંથી ખસી શકે છે. પણ કાર્યવાહી શરૂ થયા પછી ગમે તેટલી ગોળીઓ છૂટે અને આપણે તેનાથી વિંધાઈએ તો પણ આપણે આપણી જગ્યા છોડવાની નથી." શબ્દોની જાદુઈ અસર હતી. એક-બે છાપાના રિપોર્ટરો કે પાંચ-પંદર ભાઈબહેનો સિવાય ત્યાંથી કોઈ ચસક્યું નહિ.

સભાનું કામકાજ શરૂ થયું. હું જ પ્રમુખ અને હું જ વક્તા. કોઈને પણ જવાબદારી સોંપું અને તેનું પરિણામ ભયંકર હોય તો તો તે તેને ભોગવવાનાં આવે તે કરતાં ચાલુ પ્રણાલિકાઓ છોડી એ જોખમો મારે ઉઠાવવાં જોઈએ તે હિસાબે સભાની જવાબદારી મેં પોતે લીધી. ગઈ રાતમાં સરકારે ધરપકડોનો જે કોરડો વીંઝેલો તેના અનુસંધાનમાં કહેવા જાઉં છું કે લીડર તરીકે દોરવણી આપનાર હવે એકલા ગાંધીજી રહ્યા નથી પણ તેમના પકડાતાં હિંદનો પ્રત્યેક નાગરિક આ લડતનો નેતા બને અને અંગ્રેજોને હટાવી કાઢવા તે પોતાની આહુતિ આપે. ત્યાં તો ધડધડ બંદૂકો છૂટી. સભા વચ્ચે ઊભો છું. ચારે તરફ જોઉં છું. કોઈ પડે છે. કોઈ લોટપોટ થઈ વાંકો વળે છે. પણ લોહી વહેતું ક્યાંયે દેખાતું નથી. માથે વરસાદ ધીમે ધીમે ટમટમે છે. ફટ ફટ ફૂટતા ટોટાનો અવાજ કાને સંભળાય છે. સમજ પડતી નથી કે આ છે શું? તેવામાં આંખો બળવા લાગે છે. ત્યારે ભાન થાય છે કે આ તો ટિયરગૅસ-અશ્રુવાયુ છે. ગુજરાતમાં અહીં પ્રથમ વાર અશ્રુવાયુ છોડવામાં આવ્યો હતો.

ટિયરગૅસના ટોટા ફૂટયા. ફટ ફટ કરતી બંદૂકો બંધ પડી. કોઈ એક–હુકમ આપતો હોય તેવો મોટો અવાજ સંભળાયો. અર્થ નહિ સમજાયો પણ બંદૂકધારીઓ બાજુએ ખસ્યા ને ડંડાધારીઓ આગળ આવ્યા. બે હારોમાં તે ફંટાયા અને બેઠેલી સભા તરફ તેઓ આવી પૂગ્યા. અમે સમજીએ ના સમજીએ ત્યાં તો ધડધડ ફટકા પડવા લાગ્યા. કોઈના માથે, કોઈના બરડે, કોઈના હાથે કોઈના પગે લાઠીઓ વીંઝાય છે. આખી સભા બેઠી છે. પણ કોઈ ચસકતું નથી કે પોતાની જગ્યા છોડતું નથી. શરૂ થઇ માત્ર એક રામધૂન. સિપાઈઓ મારતાઝૂડતા આગળ વધ્યે જાય છે. મારા સ્થાનની પાસે આવતાં તેઓ અમને થોડાક જણને કાપી બે ભાગમાં વહેંચાઈ આગળ વધે છે. પૂર્વ દિશાએથી પ્રવેશેલા છેક પશ્ચિમના છેડે પહોંચી તેઓ પાછા ફરે છે.

આ વખતે લાંબી ટોપો ઘાલેલી અગ્રેસર જણાતી એક વ્યક્તિ કે જેને આજદિન સુધી હું જાણી પિછાણી શક્યો નથી તે મારી પાસે આવીને ધીમા અવાજે મને કહે છે: “Congratulations.” એ અહિંસાની વિજયમાળનું મહેકતું એક ફૂલ હતું. અમારી શાંતિનો તે શિરપાવ હતો અને બાપુના માર્ગનું સુંદર અને સક્ષમ પરિણામ હતું. ગજગજ છાતી ફુલાવતા વિજેતા બન્યા હોય તેમ ત્યાંના આનંદમાં પગે ચાલતા અનેક મિત્રો અને સાથીઓના બનેલા સંગાથ સાથે અમે આશ્રમ પહોંચ્યા. આશ્રમનાં

ભાઈબહેનોએ ચોખાકુમકુમથી અમારું અભિવાદન કર્યું. એ ઘડીને પણ સંભારતાં આજે પણ હૃદયમાં આનંદની છોળો ઊછળે છે.

અમે રાત્રે ઘરે તો આવ્યા પણ વાતાવરણમાં પ્રગટેલ ઉત્તેજનાને કારણે ઊંઘ લેવી મુશ્કેલ હતી. સવાર થઈ તે પહેલાં કેટલાક યુવાન વિદ્યાર્થીમિત્રો મળી ઘરે આવી ઊભા રહ્યા. દરેક જણ કહે, "અમારે વિદ્યાર્થીઓએ સરઘસ કાઢવું છે. સરકારને બતાવી આપવું છે કે હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ નમાલા નથી. તેઓ પણ દેશના માટે આહુતિ આપી શકે છે. સરઘસ કાઢવાની રજા આપો."

આવેલા વિદ્યાર્થીઓ સાથે એક જ પ્રકારની શરત કરવામાં આવી કે તેઓ સરઘસ કાઢી શકે છે અને સરકારને પોતાનું ખમીર બતાવી શકે છે. પણ તે બધું અહિંસાને માર્ગે. વિદ્યાર્થીઓ અહિંસાનો મંત્ર લઈ સરકાર સામે વિરોધમાં સરઘસ કાઢવા ગયા. એ સરઘસ નીકળ્યું અને શ્રી કિનારીવાળાની આહુતિ અપાઈ તે તો આખું ગુજરાત જાણે છે.

ટિયરગેસ છોડયાની અને થયેલ અહિંસક મુકાબલાની વાત છાપા દ્વારા ગુજરાતભરમાં ફેલાઈ ગઈ. ચારે તરફથી જુવાનો, બહેનો, વૃદ્ધો, એકલાં કે નાનીમોટી સંખ્યામાં 'ઈમામ મંજિલ' પર આવવા લાગ્યાં અને કહેવા લાગ્યાં કે અમને રજા આપો સરકાર સામે અમારે બંડ કરવું છે. હું રજા આપનાર કોણ! વળી આ બંડ સામે કોઈ

મર્યાદા ન હતી. દેશ માટે જરૂર જણાતાં મરી ફીટવું એ જ સૌનો આદર્શ હતો. બાપુએ તો જાહેર કરેલું કે ગોવાલિયા ટેન્કની મીટિંગ પછી દરેક દેશવાસી આ સરકાર સામેના યુદ્ધમાં પોતે પોતાનો નેતા છે. પોતાને સૂઝે તે માર્ગે તે જઈ શકે છે. હું આ વાત સૌ કોઈને જણાવતો અને સાથે સાથે અહિંસાના પાલનની શરત મૂકતો. મારે અહીં કહેવું જોઈએ કે આંગળીઓના વેઢે ગણાય એવા ગણ્યા ગાંઠ્યા બેચાર મિત્રો સિવાય મારી અહિંસાની વાત સાંભળવા કે સ્વીકારવા કોઈ તૈયાર ન હતું

આ દિવસોમાં મેં એક ક્રમ રાખેલો કે સવારના ૧૦–૩૦ની આસપાસ અમદાવાદ શહેરના મોટા રસ્તા ઉપર ફરી વળતો. અને સરકાર સામે અહિંસક રીતે જેટલો વિરોધ થઈ શકે તેટલો વિરોધ કરવા લોકોને સમજણ આપતો. ગામ–પરગામના છૂટક છૂટક અને ટોળેટોળાં સરકાર સામે બળવો પોકારવા આવી મળતાં અને મારી સલાહ સાંભળતાં. કેટલેક અંશે તેઓ નિરાશ પણ થતાં.

એક દિવસ રાત્રે શેઠ ઇન્દુમતીબહેનનાં મોટાં બહેન સ્વ. નીમાબહેનને ત્યાં શાહીબાગમાં રાત્રીનો પહેલો પહોર વીત્યે મીટિંગ મળેલી. જુવાનિયાઓ મોટી સંખ્યામાં હાજર હતા. થોડાક સોશિયાલિસ્ટ મિત્રો પણ હતા. ચર્ચા ચાલી. સોશિયાલિસ્ટ મિત્રો કહેવા લાગ્યા કે બાપુને પકડવામાં આવ્યા તે પહેલાં તેઓ એક છૂપો ખરીતો મૂકતા ગયા છે તેમાં જણાવ્યું છે કે હિંસા–અહિંસાની લપમાં ઊતર્યા

વિના સરકાર સામે ખુલ્લો બળવો પોકારવો અને જ્યાં હોય ત્યાંથી તેને તંગ કરી દેશમાંથી ભગાડી મૂકવી. અહીં ભાંગફોડની વાત સૌ વાતોના મોખરે રહેતી. મેં મળેલી સભામાં તેનો સખત વિરોધ કર્યો. સભાને જણાવ્યું કે આ બાપુનો માર્ગ હોઈ શકે નહિ. જાહેર સલામતીની સંસ્થાઓ જેમની તેમ રહેવી જ જોઈએ અને સરકાર સામે જે કોઈએ ક્યાંય બળવો પોકારવો હોય તો પોકારનારે પોતાનાં નામ, ઠામઠેકાણું, સમય અને તારીખ સરકારને અગાઉથી જણાવી દેવાં જોઈએ અને પછી જે કાર્ય કરવા ધારતા હોય તે તે કરી શકે છે. પણ છૂપી રીતે સરકારને રંજાડ-વાનાં કામો કરવાં અને તે દોષોનો ભોગ પોતે જાતે નહિ બનતાં પ્રજાના નિર્દોષ માણસો બને તે યોગ્ય નથી. મજકૂર સભામાં મારી વાત સ્વીકારવા શેઠ અંબાલાલ સારાભાઈના દીકરા સ્વ. સુહૃદ સિવાય અન્ય કોઈ ન હતું. તેમણે મારી વાતને ટેકો આપેલો. અમે જેવા મળ્યા હતા તેવા સૌ પોતપોતાને સ્થાને પાછા ગયા. અહીં મારે કહેવું જોઈએ કે સરકારની સામે જેવી લડત ઉપાડી કે લડતના અને ભાવી જે જે કાર્યક્રમો કરવાના હોય તેની એક પત્રિકા મેં મારા નામ, ઠામ અને સરનામા સાથે રોજ પ્રગટ કરવાનું શરૂ કરી દીધું હતું.

પત્રિકા પ્રગટ કરવાનો અને શહેરમાં મળવા જવાનો મારો કાર્યક્રમ ચાલુ હતો. તેવામાં સમાચાર આવ્યા કે વીરમગામમાં હરિજન છાત્રાલયમાં કામ કરતા શ્રી ભવસુખ

ભાઈ સરકાર સામે એક ભયંકર યોજના ઘડી રહ્યા છે. હું વીરમગામ પહોંચ્યો. તેમને અહિંસાને રસ્તે જવા માટે આજીજી ગુજારી પણ મારી વાત તેમના દિલે વસી નહિ. હું વિલા મોઢે પાછો ફર્યો. સ્ટેશનની ટિકિટબારી ઉપર ટિકિટ ખરીદવા ઊભો હતો કે શ્રી ભવસુખભાઈ ગિરફતાર થઈ પોલીસના પહેરા નીચે સ્ટેશન પર આવી ઊભા. ગાડીમાં તેઓ, પોલીસો અને હું સાથે બેઠા. મને કહે, "ગાડીમાંથી છલાંગ મારી ભાગી જાઉં અને સરકારને તોબા પોકારાવું." મેં તેમને સમજાવ્યું કે તમે હવે કેદી થયા. તેની મર્યાદા તમારે સાચવવી જોઈએ.

વીરમગામથી પાછા આવતાં ભાંગફોડ કરનારની વચ્ચે નહિ પડવા અનેક મિત્રોનાં મને દબાણ થવા લાગ્યાં કે તમારી હિંસા-અહિંસાની વાતો પડતી મૂકો. સરકાર સામે ખુલ્લો બળવો થવા દો. જે પરિણામ આવવાનું હોય તે આવે, પણ આ સરકાર જવી જ જોઈએ. મારે ગળે આ વાત ઊતરતી ન હતી અને આવનાર મિત્રોને બીજા પ્રકારની સલાહ હું આપી શકતો નહિ. અમારી વચ્ચે ખૂબ ગરમા-ગરમ ચર્ચા થતી, લોકોના ઉશ્કેરાટનો પારો છેલ્લી ડિગ્રીએ પહોંચી જતો. સારી વાત એટલી ખરી કે અમારી એક-બીજાની આમન્યાનો લોપ થતો નહિ. મળવા આવતા મિત્રો સામે મેં સમાધાનની એક શરત મૂકી કે બાપુના અંતે-વાસીઓમાંથી લગભગ બધા જ પકડાઈ ગયા છે. માત્ર એક સ્વ. કિશોરલાલભાઈ છૂટા છે. તેમની સલાહ આપણે લેવી

જોઈએ. આવનાર મિત્રો અને મારી વચ્ચે એ પ્રકારની સમજૂતી થઈ કે કિશોરલાલભાઈ ભાંગફોડની સલાહ આપે તો મારે તેનો ખુલ્લેખુલ્લો પ્રચાર કરવો અને વિરોધ માંડી વાળવો; અને જો કિશોરલાલભાઈ ભાંગફોડનો વિરોધ કરે તો ગુજરાતના મારી પાસે આવતા સૌ મિત્રોએ પોતાના ભાંગફોડના વિચારો માંડી વાળવા. આ પ્રકારની સંધિ કરી અમે કિશોરલાલભાઈ પાસે એક કાસદ મોકલવાની તજવીજ કરી.

કિશોરલાલભાઈ તરફના સંદેશાની હું વાટ જોતો હતો. અને મારા કાર્યક્રમ પ્રમાણે કામો કર્યે જતો હતો. તેવામાં એક દિવસ ગાંધીમાર્ગ પરના જૈન દેરાસર આગળ પોલીસ ઈન્સ્પેકટર શ્રી માંકડ મળ્યા. તેઓ કહેવા લાગ્યા કે આ બધું આમ ક્યાં સુધી ચલાવવુ છે? તમારે તોફાનો કરવાં હોય તો આ પત્રિકા, આ સરનામું અને આ નામ શા માટે? મેં કહ્યું, "મને પકડવા માગો છો? હું તૈયાર છું પકડી લો." તેઓ કહે "ના, મારી તમારી સાથે સહાનુભૂતિ છે, પણ આ બધું ખુલ્લું કરો તે ઠીક નથી." મેં કહ્યું, "મારો માર્ગ આ જ છે." તો માંકડ બોલ્યા, "મારે તમને ગિરફતાર કરવા પડશે." મેં કહ્યું, "ભલે, ક્યારે ગિરફતાર કરો છો?" તેઓ કહે, "તમે કહો ત્યારે." મેં કહ્યું; "તો મને બે દિવસની મહેતલ આપો. મારે મારા મિત્રોને જે કંઈ કહેવા સમજાવવાનું કામ હોય તે હું પૂરું કરું." તેમણે મારી માંગણી મંજૂર

રાખી. એક શરત મૂકી કે ભલે હું બે દિવસ પછી તમને ગિરફતાર કરવા આવીશ. પણ તમારે મારી વાતની કોઈને જાણ કરવી નહિ કે તેનો ફૂંફેરો કરવો નહિ. મેં કહ્યું; "કબૂલ, પણ મારા આશ્રમના ભાઈબહેનોને મારી થનાર ગિરફતારીની વાત મારે કરવી પડશે." તેઓએ એ વાત પણ મંજૂર રાખી.

લડત ઉપાડયાના બીજા અઠવાડિયે લગભગ દસબાર દિવસ પછી કિશોરલાલભાઈનો સંદેશો આવે તે પહેલાં એક પરોઢિયે આશ્રમમાં આવી શ્રી માંકડે આશ્રમનાં ભાઈ-બહેનોની પ્રાર્થના વચ્ચે મારી ગિરફતારી કરી અને અમે સાબરમતી જેલના રસ્તે સિધાવ્યા.

આશરે વરસેક દિવસે જેલમાંથી છુટકારો મળ્યો. ઘરે આવતાં જોયું કે સરકાર સામેની લડત કંઈક મંદ પડી હતી. પણ લોકોનો જુસ્સો જેવો ને તેવો હતો. આ વખતે અમદાવાદ જિલ્લા લોકલ બોર્ડના સભ્યોની ચૂંટણી આવી રહી હતી. એક મત એવો હતો કે ચૂંટણીમાં કોઈ પણ દેશભકતે ઊભા રહેવું નહિ. બીજો મત એવો હતો કે જો કોઈ પણ દેશભક્ત ચૂંટણીમાં ઊભા નહિ રહે તો સરકારના બાંધિયા ચૂંટણીમાં ઊભા રહેશે તેમાં તેઓ સફળ થશે એટલે કોંગ્રેસીઓએ ચૂંટણીમાં ઊભા રહેવું જ જોઈએ.હું બીજો મત ધરાવતો હતો. કોંગ્રેસી ભાઈઓને ચૂંટણીમાં ઊભા રાખવા અને તેઓ ચૂંટાઈ આવે કે તરત જ સરકાર સામે "ક્વિટ ઈન્ડિયા" નો ઠરાવ પાસ કરવો કે જેથી સરકાર લોકલ

બોર્ડને સુપરસીડ કરે, અને સરકાર ઉઘાડી પડે. કલાકોના કલાકો અને રાત્રિનો પણ કેટલોક વખત આ ચર્ચામાં વીતતો. તેવામાં એક સંદેશો આવ્યો કે આ બાબતમાં છેવટનો નિર્ણય લેવા મારે શ્રીમતી સુચેતા કૃપલાણીને મુંબઈ જઈ મળવું.

હું મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને પહોંચ્યો. કોઈ અજાણી વ્યક્તિ એકાએક મારી પાસે આવી મને કહે: "આવી ગયા? ચાલો." આટલી સંજ્ઞા અમારે માટે પૂરતી હતી. ધોરી રસ્તાઓ, નાની ગલીઓ, વાંકાચૂંકા આડાઅવળા માર્ગે થઈ એક વિશાળ મકાનના એક ઓરડામાં મને પહોંચાડવામાં આવ્યો. થોડી વાર બેઠો ત્યાં સુચેતા કૃપલાણી આવ્યાં. હું એ મતનો હતો કે આપણા માણસોના નામે ચૂંટણી લડવી અને લોકલ બોર્ડને સુપરસીડ કરાવવી. સુચેતાજીને ભય હતો કે એ રીતે સફળ નહિ થવાય અને સરકાર ચૂંટણીમાં ફાવી જશે. મારી અને એમની વચ્ચે ખૂબ વાદવિવાદ ચાલ્યો. ઘણી દલીલો થઈ અને અંતે સૌએ સો ટકા ખાતરી આપતાં શ્રીમતી સુચેતાએ મારી વાત માન્ય રાખી. હું અમદાવાદ આવ્યો. કોંગ્રેસી ઉમેદવારો મૂકી અમે ચૂંટણી લડ્યા. અમને સોએ સો ટકા સફળતા મળી. અમદાવાદ ડિસ્ટ્રિક્ટ લોકલ બોર્ડની પ્રથમ સભાએ 'ક્વિટ ઈન્ડિયા'નો ઠરાવ પાસ કર્યો. ગણતરી મુજબ અમદાવાદ ડિસ્ટ્રિક્ટ લોકલ બોર્ડને સરકારે સુપરસીડ કરી. સરકાર

ખુલ્લી પડી.

૧૯૪૪નું વર્ષ બેસી ગયું. જાન્યુઆરીની ૨૬મી તારીખ તે કાળનો 'આઝાદી દિન' આવી રહ્યો. તેને ઊજવવાનો અમારો કાર્યક્રમ જાહેર થયો. સરકારને એ કાર્યક્રમ સફળ રીતે પાર ઊતરે એ રુચતું ન હતું. તેથી ૨૬મીના બે દિવસ અગાઉ સરકારે મારી ફરીથી ગિરફતારી કરી. તા. ૨૬મી વીતી ગઈ. એક અઠવાડિયું જેલમાં રાખી મને છોડી મૂક્યો. આ રીતે છેક ૧૯૨૧ થી ૧૯૪૪ સુધીના દિવસો સુધી લડતોમાં કે સામાજિક કામોમાં ગયા અને આજે પણ એ જ કાર્યો થઈ રહ્યાં છે તેનો હૈયે પરમ સંતોષ અને આનંદ છે.

('સ્વરાજનાં સંભારણાં'-માંથી)

## એકતાના હિમાયતી

આપની રાહબરી નીચે 'એકતા' નામનું સાપ્તાહિક ગુજરાતી પત્ર નીકળે છે, તે જાણી મને હર્ષ થયો છે. એકતાને તમારું માર્ગદર્શન નિરંતર મળ્યા કરશે, તો એકતા પોતાનું નામ સાર્થક કરશે. એવી મારી દૃઢશ્રદ્ધા છે.

હિંદના મુસ્લિમો દ્વિરાષ્ટ્રના સિદ્ધાંતની ભયંકરતાને પૂરી રીતે સમજી ગયા છે. તેઓને આ સાપ્તાહિક હૂંફ-દાયક બની જશે, અને હિંદુઓમાં પડી રહેલા કોમવાદને દૂર કરવામાં પણ અગત્યનો ફાળો આવશે એવી ઉચ્ચ આશા

રાખું છું. એકતાની પ્રતિપળ પ્રગતિ વાંચ્છું છું.
એકતા અંક–૧લો.

તા. ૩–૧૨–૪૮ **સંતબાલ**

[શ્રી કુરેશીભાઈએ ૧૯૪૮માં 'એકતા' નામે સાપ્તાહિક શરૂ કર્યું હતું.]

* * *

મુસલમાનો સાથે ભ્રાતૃત્વ ભાવ બાંધવો હોય તો તેમને પણ સાથે લેવા જોઈએ. ગોહત્યા અંગે ઘણા લોકો બૂબ બૂમ પાડે છે. પણ જો ખરેખર તે બંધ કરાવવી હોય તો આપણે તેમનામાં ભળવું પડશે. તેઓ ભળશે એટલે કે તેમનાં અનિષ્ટો કે આવરણો સ્વીકારવાં એવું કંઈ નથી. ખાન અબ્દુલ ગફ્ફારખાન વગેરે જેવા ઘણા સારા મુસલમાન નેતાઓ છે.

આપણા ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખશ્રી કુરેશીભાઈ ઈસ્લામી છે, છતાં તેમને સર્વ ધર્મ પ્રત્યે સદ્ભાવ છે. ગાંધીજીના ચુસ્ત અનુયાયી છે. એક બાજુ કુરાનનો અભ્યાસ કરનાર અને બીજી બાજુ સ્વરાજ માટે જેલમાં જનાર છે. એક બાજુ ગુજરાતમાં તોફાનો શાંત કરવા માટે શુદ્ધિપ્રયોગમાં આઠ ઉપવાસ કરનાર અને બીજી બાજુ જૈનધર્મની સાથે આત્મીયતા સાધવા માટે પર્યુષણમાં અઠ્ઠાઈ જૈન વિધિ પ્રમાણે કરે છે, જૈનો સાથે આત્મીયતા કેળવવા માટે પર્યુષણમાં રસ લેતા હોય છે.

(ધર્મા. શિ. પ્ર. પા. ૫૦) **સંતબાલ**

# ચૂંટણીમાં વિજયી ઉમેદવાર

મારી સામે સમગ્રપણે દુનિયાની માનવજાતનું ચિત્ર છે. તેમાં મારી નજર એક સામુદાયિક બળ તરીકે કોંગ્રેસ ઉપર ઠરી છે. ભારત વર્ષની સંસ્કૃતિ પરંપરામાં કોઈ એવું ખમીર હતું અને છે જ, કે જે દુનિયાને માર્ગદર્શન આપે. બાપુ ગયા બાદ પણ રાજકીય વારસદાર તરીકેનું બિરુદ પં. જવાહરલાલે ભારતની વિદેશનીતિમાં આજ લગી પુરવાર કર્યું છે. આવી મહાન કોંગ્રેસનું બળ તૂટે નહીં તે જોવું એને મેં ધર્મકૃત્ય ગણ્યું છે, અને આથી સમગ્ર રીતે મારું ધ્યાન કોંગ્રેસમાં કેંદ્રિત થયું.

ગુજરાત–સૌરાષ્ટ્રનો મારો કંઈક વધુ પરિચય એ કારણે કોંગ્રેસ ધારાસભામાં વધુ સારા ઉમેદવારો જાય એવી મેં ઝંખના રાખી છે. જે ચાર તાલુકાને મેં પ્રયોગક્ષેત્ર બનાવ્યું છે, એ તાલુકાઓમાં હું વાંધો ન લઉં તેવી ગોઠવણી ગુજરાત પાર્લમેન્ટરી બોર્ડે કરી આપી. શ્રી કુરેશી જેવાને ધંધુકા તાલુકામાં મૂક્યા. અમદાવાદ શહેરની વોર્ડ સમિતિઓ જે કુરેશીને માટે ઘણો આગ્રહ રાખે તે જ કુરેશીને ધંધુકામાં મૂકવા એ કાર્ય ઘણું મોટું હતું. ભાઈ કુરેશીએ બીજું કશું ન જોતાં શ્રી કાનજીભાઈનો અને મારો આગ્રહ પોતાની અનિચ્છાએ સ્વીકાર્યો. એ ઘટના અસામાન્ય બની ગઈ.

કુરેશીભાઈને અમોએ જે યોજ્યા તે એકમાત્ર સૈદ્ધાંતિક

દૃષ્ટિએ, સામુદાયિક હિત અર્થે. આ સ્થિતિમાં મારી ચિંતા હું ને મારી કુદરત જ જાણે છે !

અનેક પ્રગટ–અપ્રગટ માનવીઓએ દિલ દઈને તનતોડ મહેનત કરી. આખરે બહુ મોટી બહુમતીથી કોંગ્રેસી ચૂંટાઈ આવ્યા. એ ક્ષણોએ હું ગદ્‌ગદિત થઈ ગયો. શ્રી કુરેશીની આંખો તો આંસુડાંઓથી છલકતી જ હતી. આખરે પંચમાં પરમેશ્વર આવ્યા. કુદરતની કૃપા વિના આમાંનું કશું શક્ય નહોતું. આ ચૂંટણી જંગની જીત વિશે જોવા અનેક આંખો તલસી રહી હતી. અનેક કાનો મીટ માંડી રહ્યા હતા. લગભગ આઠ હજાર મત વધુ આપીને ધંધુકા તાલુકાની પ્રજાએ રંગ રાખ્યો છે.

શ્રી કુરેશીએ એ પ્રસંગે તાલુકાની પ્રજાને કહ્યું :

"ચૂંટણી જંગ પછી લોકશાહીની ઢબે આખા તાલુકાની સમગ્ર પ્રજા એટલે કે આપણે સૌએ ખભેખભા મિલાવી મહત્ત્વનું કામ કરવાનું છે. ઊછરતી લોકશાહીમાં આ તાલુકાએ પ્રથમ પ્રતિનિધિ તરીકે મોકલવાનું જે બહુમાન મને આપ્યું છે તેના ઋણને બોલવા માટે શબ્દો પણ પૂરતા નથી."

મને વિશ્વાસ છે કે તેમના આ શબ્દોમાં અને ભવિષ્યની તાલુકાની ઉન્નત આશામાં આખો તાલુકો સૂર પુરાવશે.

(વિ.વા. ૧–૨–૧૯૫૨) સંતબાલ

## ધંધુકા તાલુકાનો પ્રગતિકૂચનું એક કદમ

સને ૧૯૫૨માં ચૂંટણીના પરિણામની જાહેરાત થઈ કે તરત જ તે જ સાંજે ધંધુકાના અંબાપુરના દરવાજા બહાર મુનિશ્રી સંતબાલજીના ઉતારે તેમના સાંનિધ્યમાં એક મોટી સભા મળી. તેમાં જીતેલા ઉમેદવારે (કુરેશીએ) જણાવ્યું.

મારો વિજય એ કોંગ્રેસનો વિજય છે. હું અમને મત આપનાર કે નહિ આપવાર એ બધાના અમે પ્રતિનિધિ બન્યા છીએ.

આ ચૂંટણી જંગ ખેલતાં મને ત્રણ બાબતો જાણવા મળી છે:

૧. આ તાલુકાનો ખેડૂત પાયમાલ થયો છે.
૨. ઉદ્યમ વગર વસ્તી કંગાલ બની છે.
૩. પશુપાલનની સારી તકો હોવા છતાં તે વેડફાઈ રહી છે.

આ દૃષ્ટિ સમક્ષ રાખી મુનિશ્રી અને સાથીઓ સાથે મારે મંત્રણાઓ થઈ. સંતબાલજીએ આગળ ધપવાના આશીર્વાદ આપ્યા. સાથીઓના સહકારની બાહેધરી મળી. સંસ્થાનું બંધારણ પૂના મુકામે મેં અને અંબુભાઈએ તૈયાર કર્યું.

ધંધુકા મુકામે તાલુકાના ખેડૂતભાઈઓની સભા મળી.

બંધારણ સ્વીકાર્યું અને સંસ્થા રચાઈ. સંસ્થાનું પહેલું વર્ષ પૂરું થયું. સરવૈયું કાઢતાં ખોટ આવી. ખેડૂતો હલબલી ઊઠ્યા. અમે તેમને શાંત પાડતાં સમજાવ્યું કે એમ ગભરાયે ના ચાલે, કામ મોટું છે, મોટાં કામ પાર પાડવા ધીરજ જોઈએ. આપણે કશું વેડફ્યું નથી. જણાતી ખોટ આવતા વર્ષના ખાતે લઈ જઈએ. આવતું વર્ષ ઉજ્જવળ છે. અને પછી તો સંસ્થાની 'દિન દુગુની અને રાત ચોગુની' ચડતી થતી રહી છે, જે ખેડૂત થોડા હજારની ખોટથી અકળાયો હતો તે આજે કરોડો સુધીના આંકડા માંડે છે અને લાખોનો નફો મેળવે છે.

આમ, એક સ્વપ્નું હતું તે સધાતું જાય છે.

(૧૯૭૮, ધંધુકા તાલુકા કોટન સેલ મંડળીના રજત જયંતી પ્રસંગે કાઢેલા ઉદ્દગારોમાંથી)

## અન્ય સંપ્રદાયોના પણ પ્રેમી

શ્રી કુરેશીભાઈ લખે છે:

દરેક સંપ્રદાયમાં તહેવારો હોય છે, તેમ ઈસ્લામમાં પણ છે. એ તહેવારો સંજોગ, સમયને અનુસરીને હોય છે, પણ ઈદના બે તહેવારો મુસલમાનોમાં જગદ્વ્યાપી છે. પેકિંગથી માંડી મોરોક્કો સુધી અલ્લાહની ઈબાદત અને તેની કૃતજ્ઞતા બિરદાવવાની રીતો એક જ પ્રકારની છે. તેથી તેઓમાં ભ્રાતૃભાવ વધારે ખીલેલ છે. જાણ્યો અજાણ્યો ગમે ત્યાંનો મુસલમાન હોય, પણ બીજા મુસલમાનોને

મળતાં કે તેનાથી છૂટા પડતાં તે એકસૂત્ર બોલે છે, તેનો જવાબ પણ એ જ પ્રકારના સૂત્રથી પાછો વાળે છે. સૂત્રનો અર્થ એકબીજાની સલામતી–શાંતિનો થાય છે. ત્યાં અજાણ્યાપણું ઓગળી જાય છે અને બંધુભાવ જન્મે છે. એ બંધુભાવનું દર્શન ઊંચા સ્વરૂપે ઈદના દિવસે જોવા મળે છે. આપના પત્રમાં આપે સુંદર ભાવો પ્રગટ કર્યા. છે.

"બંધુભાવને મુસ્લિમ સમાજના વાડા સુધી પૂરી ન રાખો, તેને વિસ્તારો."તે વિસ્તારવા માટે આપે સુંદર દાખલા આપ્યા.... આપ આપની શુભ કામનાઓ બંગલાદેશ–ફરાક્કા બંધના શુભનિર્ણય માટે પાઠવો છો. આપનાં જપ–તપ હંમેશાં એ જ દિશામાં રહેલાં છે. શુભ પરિણામોમાં ઓસરે છે. એ ઘડી કેટલે દૂર? કહી શકાશે નહીં. પણ ઈદ તો એ પરિણામોમાં જ સમાયેલી છે. ઈન્સાનની બિરાદરીનો એ ગુરુમંત્ર છે. તે મેળવવા કઈ કુરબાની ખોટી ગણાશે? શુદ્ધ બલિદાનને મર્યાદા હોઈ શકે? એ તો લાધે તેટલું સાધે!

*

ગાંધીજી વિશ્વવંદ્ય વિભૂતિરૂપે આપણા કુરેશીભાઈ લખે છે તેમ, આવો મૂળભૂત ધર્મ મહિમા પચાવીને ફેલાવી ગયા. જે વિશે સંત વિનોબા કહે છે: 'સર્વ સામાન્ય ધર્મનો પ્રચાર એ એક વાત છે અને જમાનાને શેની જરૂર છે એ પારખીને તેની સાથે ધર્મ વિચાર જોડી દેવો એ બીજી વાત છે. અંદરના ધર્મવિચારનું બળ અને બહારની પરિસ્થિતિનું બળ—એ બેને જે જોડી [illegible]વે છે તે માત્ર

ધર્મપુરુષ કે સત્પુરુષ રહેતો નથી, પણ યુગપુરુષ બની જાય છે. ગાંધીજી આવા એક યુગ પુરુષ હતા, યુગ પ્રવર્તક સત્પુરુષ હતા !'

આખા ભારતના લોકોએ એમ અનુભવ્યું કે 'ગાંધીજી આપણા ઘરનો માણસ છે'. આવું જ કંઈક એમના વારસદાર પં. જવાહરલાલ વિશે પણ કહી શકાય. આ રીતે ગાંધીજીને લીધે પં. જવાહરલાલ, અને પં. જવાહરલાલ અને સંત વિનોબાને લીધે ભારતના આ સંતોના દ્વારા ભારત પોતે જગદ્‌ગુરુ જેવું બની ગયું.

કેટલાક લોકોને લાગે છે કે, 'મુસ્લિમોનું બહુ તાણે છે.' ગોડસેએ એથી તો ગોળી મારી હતી ! પણ ગોળીએ ગાંધીજીને નહીં, બલ્કે ધર્મના નામના કોમી ઝનૂનને ગોળી મારેલી.

હિંદુધર્મને સર્વધર્મ સમન્વયની સુંદર વ્યાસપીઠ મળી છે. સંભવ છે, આમાં જૈન ધર્મનો જ મોટો ફાળો હોય ! શ્રીમદ્‌ રાજચંદ્રજીની આ વાત ગાંધીજીએ ઝીલી એટલે આજે જો સમાજગત સાધનામાં હિંદુ-મુસ્લિમ એકતા અમલી બને તો આખા જગતમાં સર્વધર્મ સમન્વયના માધ્યમે માનવ માનવ વચ્ચેની એકતા સ્થપાઈ જાય ! ગાંધીજી, જવાહરલાલ અને આખું ભારત આજે જેમ રાજનીતિની દૃષ્ટિએ મુસલમાનો સાથે છે, તેમ માનવ માનવ વચ્ચેની બંધુતા અને એકતાની દૃષ્ટિએ પણ હિંદુ-મુસ્લિમ એકતાને ખપમાં લગાડવી જોઈએ.

આ જ પત્રમાં એક સુંદર ઉલ્લેખ છે: "સત્તાવીસમીનો રોજો ભાઈ અંબુભાઈ (જૈન), ભાઈ સુરાભાઈ (વૈદિક) સાથે અમે છોડેલો. તેઓ રોજદાર હતા. રોજો છોડ્યો સાથે, સાથે નમાજ પઢયા, જમ્યા સાથે."

ઈન્સાન બિરાદરીનું આમ એક પગથિયું ન ગણાય? આ ત્રણેય ભાલનળકાંઠા પ્રયોગની મુખ્ય સંસ્થા ભા. ન. પ્રા. સંઘના હોદ્દેદારો છે. પોતપોતાના ધર્મમાં નિષ્ઠાવાન રહીને બીજાના ધર્મોને પણ પોતાના માનીને અપનાવી લેવા — આ છે સર્વધર્મની ઉપાસના, જે ભાલ નળકાંઠાનો મુદ્રાલેખ છે. માટે તો ભાલનળકાંઠા પ્રયોગ–વિશ્વવાત્સલ્યના ધ્યેયે ધર્મમય સમાજરચનાનો પ્રયોગ કહેવાય છે, અને તે ગાંધી પ્રયોગના અનુસંધાનમાં છે.

આપણા કુરેશીભાઈએ જૈન અઠ્ઠાઈનો લાભ નિષ્ઠાવાન મુસ્લિમ રહીને માણી લીધો છે. એ ખ્યાલ કદાચ 'વિશ્વ-વાત્સલ્ય'ના ચાહકોને હોય તો નવાઈ નહીં! પોતપોતાના જન્મપ્રાપ્ત સંપ્રદાયમાં નિષ્ઠાવાન પૂરેપૂરા રહીને, અન્ય ધર્મસંપ્રદાયોમાં પણ સક્રિય રસ લેવાના પ્રસંગો પ્રાપ્ત કરવા ઉત્સુક રહેવું. જેથી સંપ્રદાયો રહેવા છતાં સાંપ્રદાયિકતાનાં ઝનૂનો કે સાંપ્રદાયિકતાની સાંકડી મનોવૃત્તિ કાયમી વિદાય લઈ લે! બિનસાંપ્રદાયિકતાના નિષેધાત્મક અંશને વિધેયાત્મક આ રીતે બનાવી મૂકવાનું ગુજરાત દ્વારા ભારત માટે સાવ સહેલું છે. (૧૯૭૬)

**સંતબાલ**

## દર્શન-સત્સંગ યાત્રા

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખ શ્રી ગુલામ રસૂલ કુરેશીએ તાજેતરમાં જૈન સાધુ-સાધ્વીજી મહારાજનાં દર્શન કરવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રવાસમાં તેમની સાથે સંઘનાં ઉપપ્રમુખ કુ. કાશીબહેન મહેતા, અંબુભાઈ શાહ વગેરે જોડાયાં હતાં.

તા. ૮-૯-૧૦ નવે. ૧૯૭૮ ત્રણ દિવસના પ્રવાસમાં

૧. સાયલા – પૂ. ચુનીલાલજી મહારાજ

૨. વાંકાનેર – પૂ. કેવળમુનિ

૩. સામખીયારી – પૂ. દમયંતીબાઈ, પૂ. કલાબાઈ આદિ

૪. લાકડિયા– પૂ. રૂપચંદજી મહારાજ, પૂ. ભાષ્કરમુનિ, પૂ. ચંદ્રાબાઈ આદિ ઠાણાં

૫. રાપર – પૂ. છોટાલાલજી મહારાજ

૬. સુરેન્દ્રનગર– પૂ. ચંદનબાઈ, પૂ. ઈંદુબાઈ, પૂ. હસમુખબાઈ આદિ ઠાણાં

૭. લીંબડી– પૂ. હેમકુંવરબાઈ, પૂ. સમજીબાઈ, પૂ. ગીતાબાઈ આદિ ઠાણાં

૮. ધંધુકા – પૂ. અરુણાબાઈ સ્વામી

ઈસ્લામ ધર્મી એવા સંઘના પ્રમુખ અને જૈન ધર્મ એવાં સાધુ સાધ્વીજીઓનું મિલન, પરિચય, વાર્તાલાપના સાક્ષી બનવાનું ક્વચિત જ બને છે. એ વિરલ દૃશ્ય અને અનેરી પળો હતી.

(પ્રયોગ દર્શન)

## ગાયની ઉપયોગિતા જોતાં 'માતા' પદ અપાયું

માણસ જાતના વિકાસમાં પશુ પંખીઓનો ઘણો મોટો ફાળો છે. શરૂ શરૂમાં પશુપંખીઓનો ભોગ લેવાતો ત્યાં સુધી કે ધર્મની ક્રિયાઓમાં પશુપંખીઓ હોમાતાં, પણ સંસ્કૃતિના વિકાસની સાથે પ્રાણીઓની ઉપયોગિતા સમજાતાં આ સૌ પ્રાણીઓમાં ગાય એ શ્રેષ્ઠ પ્રાણી જણાયું. અને તેથી આહારમાંથી મુક્તિ આપવા હિંદુ સમાજે સ્વીકાર્યું. એટલું જ નહીં પણ તેના ગુણ અને ઉપયોગિતા જોતાં તેની આરાધના થવા લાગી અને 'માતા' પદ અપાયું.

હિંદુ સમાજમાં આ પ્રાણીને 'માતા'ને પદે મૂકવા છતાં આજે પણ ભારતનાં એવાં રાજ્યો છે કે જ્યાં હિંદુઓ પણ ગાયના માંસનો આહાર કરે છે. આપણે એમ સમજીએ છીએ કે મુસલમાનો અને ખ્રિસ્તીઓ ગાય-માંસનો આહાર કરે છે, તેથી આપણી એ સમજ ભૂલભરેલી જણાશે. ભારતની વસ્તીનો મોટો ભાગ માંસાહારી છે. એટલે પ્રશ્ન કેવળ આહારની દૃષ્ટિએ વિચારવો જોઈએ નહીં, પણ એક આહારની દૃષ્ટિ, બીજું ઉપયોગિતા, ત્રીજું ધાર્મિક દૃષ્ટિ અને ચોથું વિજ્ઞાનની દૃષ્ટિએ ગાયના પ્રશ્નનું વિશ્લેષણ કરવામાં આવે તો એની તોલે બીજું પશુ આવી શકે તેમ નહીં હોવાથી ભારતમાં ગાય અને તેની ઓલાદને રક્ષણ મળવું જોઈએ.

ગુલામ રસૂલ કુરેશી

(કલકત્તા મુકામે મળેલા અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘે યોજેલ ગોરક્ષા સંમેલનમાં પ્રમુખસ્થાનેથી આપેલ પ્રવચનમાંથી)

(૨૭-૨૮ ઑક્ટો. ૧૯૭૮, સં. દર્શન)

# કુરેશીભાઈનો ગોપ્રેમ

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખ આપણા ગુલામ રસૂલ કુરેશીભાઈને હવે વિશ્વવાત્સલ્યના વાચકો પૈકી કોણ નથી ઓળખતું ? તેઓ હાર્દિક રીતે ગોરક્ષાના સક્રિય પ્રેમી છે. 'ઈમામ મંઝિલ' (સાબરમતી હરિજન આશ્રમ)માં એમના ઘરનું ગોપાલન સર્વ વિદિત છે. કલકત્તામાં મળેલા 'ગો–સંમેલન'માંનું સર્વપ્રથમ અધ્યક્ષપદ કુદરતી રીતે તેઓએ શોભાવેલું. એમનું ત્યારનું હાર્દિક અને મનનીય પ્રવચન ઠીક ઠીક પ્રભાવશાળી બનેલું.

તેઓ તેમના તા. ૨૮–૨–૧૯૭૯ના પત્રમાં લખે છે :

"હું તા. ૧૫ ફેબ્રુઆરીએ દિલ્હી જવા ઉપડ્યો. ૨૦મીની રાત્રે પાછો આવી ગયો. આપનું લખાણ દર્દભરી અપીલ જાણી. એ તો દિલ્હી ના મળી, પણ ત્યાંય મારી ગોરક્ષા માટેની ખોજ રહેલી. સને ૧૯૨૧માં અંગ્રેજ હકૂમત પાસે ગાંધીજીએ ત્રણ બાબતો મૂકેલી. તેમાંનો એક પ્રશ્ન ખિલાફતનો અન્યાય દૂર કરવાનો હતો. બાપુજીના કહેવા મુજબ ખિલાફતના પ્રશ્નમાં ગાયની કતલબંધી તેઓ જોઈ રહ્યા હતા. વળતા જવાબમાં ૫૦૦ મુસ્લિમ ઉલેમાઓએ ગાયની કતલ બંધ કરવા પોતાની સહીઓ કરી ફતવો બહાર પાડી મુસ્લિમોને સલાહ આપી હતી. સહીઓ કરનારાઓમાં ઈસ્લામના મહાન સંતો, પંડિતો અને ધુરંધર આગેવાનો

હતા.... હું માનું છું કે ગાયની કતલબંધી કરવાનો વિરોધ ઈસ્લામી સમાજ નહીં કરે. રાજકારણીઓ પોતાનું સ્થાન ટકાવી રાખવા જ આ અન્યનો હવાલો આપતા ફરે છે."

## સંતોના સંકલ્પની પૂર્તિ માટે

[સંત વિનોબાજીના આમરણાંત ઉપવાસ ન થવા પામે તે દૃષ્ટિએ મહારાજશ્રીએ ૨૧ દિવસના ઉપવાસ કર્યા હતા. તેમના સંકલ્પની પૂર્તિ અર્થે શ્રી કુરેશીભાઈએ નીચેની એક જાહેર અપીલ પ્રગટ કરી હતી.]

ભારતના સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક જીવનમાં ગાયનું સ્થાન પ્રાણતત્ત્વ જેવું છે. અને એટલે જ હિંદુ શાસ્ત્રકારોએ ગાયને અહનનીય – ન હણવા જેવી – અવધ્ય ગણી છે, અને ગાયનાં બધાં અંગો પૂજવા યોગ્ય ગણ્યાં છે.

વિશ્વની જીવસૃષ્ટિમાં માનવ પછી પ્રાણુ સૃષ્ટિનું વધુમાં વધુ વિકસિત અને માનવજીવનનું નિકટનું પ્રાણી એ ગાય છે.

આવી ગાયની કતલ સદંતર બંધ થવી જોઈએ તેવી રાષ્ટ્રીય માગ છે. એથી જ ભારતમાં પ. બંગાળ અને કેરળ સિવાય બધાં રાજ્યોએ ગોવધબંધી કરી છે. પરંતુ હજુ આ બે રાજ્યોમાં ગોવધબંધી નહીં થવાથી સંત વિનોબાજીએ સંકલ્પ કર્યો છે કે પશ્ચિમ બંગાળ અને કેરળમાં ૨૧મી એપ્રિલ ૧૯૭૯ સુધીમાં ગોવધબંધીનો

કાયદો ન થાય તો પોતે ૨૨મી એપ્રિલથી આમરણાંત ઉપવાસ પર ઊતરશે.

સંતવિનોબાજીની આ માંગ એ રાષ્ટ્રીય માંગ છે અને એના સમર્થનમાં આજે દેશમાં અનેક સ્થળોએ વિવિધ પ્રયાસો ચાલે છે. એમાંનો એક પ્રયાસ તપશ્ચર્યાની પ્રક્રિયા દ્વારા નૈતિક, સામાજિક, લોકમત કેળવવો અને પ્રગટ કરવો કે જેથી પશ્ચિમ બંગાળ અને કેરલની સરકારો પર તેનો પ્રભાવ પડે અને બીજાં રાજ્યોની જેમ જ એ બંને રાજ્યો ગોવધબંધીનો કાયદો કરે.

મુનિશ્રી સંતબાલજીએ આના જ અનુસંધાનમાં તા. ૧લી એપ્રિલથી ૨૧ દિવસના તપોમય પ્રાર્થનાનો નિર્ણય જાહેર કર્યો છે.

ગાયની રક્ષા માટે સંત પુરુષો પોતપોતાની કક્ષાએ પોતાની જાતને હોડમાં મૂકી રહ્યા છે ત્યારે આપણે સામાન્ય માણસો પણ આપણા ગજા પ્રમાણે ગોરક્ષાના આ પવિત્ર કાર્યમાં એમના સંકલ્પની પુષ્ટિમાં તપયજ્ઞમાં ફાળો નોંધાવીએ.

તા. ૧લી એપ્રિલથી ૨૧મી એપ્રિલ સુધી એકેક ઉપવાસની સાંકળ ચાલે તેવા શુદ્ધિપ્રયોગ સાધના કેન્દ્રો ઠેર ઠેર શરૂ કરી દેવાં. શહેરો કસબાઓ, ગામડાંઓમાં લત્તે લત્તે સાર્વજનિક અને ધાર્મિક સ્થળોમાં બેસીને પોત-

પોતાના ધર્મની પ્રણાલી મુજબના ઉપવાસ કરવા, પ્રાર્થના અને ધૂન કરવી. સવારે પ્રભાતફેરી અને રાત્રે સર્વધર્મ પ્રાર્થના કરવી. લોકસંપર્ક કરવો, ઠરાવો કરીને કેન્દ્ર તેમજ પશ્ચિમ બંગાલ અને કેરલ સરકારને મોકલી આપવા. પોતાને અનુકૂળ હોય તે દિવસે ગમે તેટલા માણસો કેન્દ્રમાં આવીને ઉપવાસમાં બેસે તેમના નામોની યાદી કરીને શુદ્ધિ સાધના કેન્દ્ર, હરિજન આશ્રમ, અમદાવાદ ૩૮૦૦૨૭ને મોકલી આપે.

તા. ૨૭–૩–'૭૯ **ગુલામ રસૂલ કુરેશી**

## અપ્રતિમ આહુતિ

સ્વામીજીના સંકલ્પની મારે મન ભારે કદર અને ઊંડી લાગણી છે. હિંદુ સંકૃતિમાં ગાયને ભારે ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. તે સંસ્કૃતિનું પ્રતીક છે. તેના માટે બલિદાનો અપાયાં છે, પણ સ્વામીજીની આહુતિ અપ્રતિમ ગણી શકાય. આવા સંજોગોમાં સ્વામીજીને બચાવનારાઓએ ગાયને બચાવવાના સીધા અને સરળ માર્ગો અખત્યાર કરવા લાગી જવું જોઈએ. ઈશ્વર આપણને તે માર્ગો સૂઝાડે ! તે પર ચાલવાનું બળ આપે તે પ્રાર્થના કરવી રહી.

(સ્વામી જ્ઞાનચંદ્રજીએ ગોવધબંધી માટે દિલ્હીમાં આમરણાંત અનશન શરૂ કર્યાં તેના અનુમોદનાર્થે કરેલ જાહેર અપીલમાંથી)

(૧–૬–'૮૨)

# આમિનાબહેનના અવસાન પરથી

ગઈ કાલે રાત્રે આમિનાબહેનના અવસાન નિમિત્તે શિયાળ ગામની શોકસભા હતી. તેમના અવસાન પહેલાંનો કુરેશીભાઈનો પત્ર તે શોકસભા પહેલાં જ વંચાયો હતો. પ્રથમ તો ચાલુ શિરસ્તા મુજબ પ્રાર્થના ચાલી હતી. મીરાંબહેને ભજન ગાયું. અહીંથી જ પ્રાર્થનાથી જ આંખ સજળ બનવા લાગી. પછી તો એમના જીવન વિષે મેં થોડુંક હ્યું પણ તેમાંય વચ્ચે વચ્ચે અટકી જવાતું હતું. આ પરથી કુરેશીભાઈની પોતાની શી મનોદશા હશે! એ કલ્પી શકાય છે. તેઓ અવસાન પહેલાંના એ જ પત્રમાં લખે છે:

> "…. પિસતાલીસ વર્ષનાં સારાં માઠાં સંભારણાં આંખ સામે ઊભાં થાય છે. કપરા સંજોગો અને માઠી પળોની તે સાચી સંગાથિની હતી. તોયે ખુદાની મરજીને વશ થવું રહ્યું! સ્મરણો માટે ઘણા દિવસો છે. આજે તો આંખ આગળથી લોપ થતી આમિનાને જોયા કરું છું. ક્યારેક કુરાનના શ્લોકો તેના કાન આગળ ભણું છું. ગઈ કાલે એકાએક કવિ બાલાશંકર કંથારિયાની ઉક્તિ સાંભરી આવી:

"ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે;
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિપ્યારું ગણી લેજે"

કવિએ આવી ઘડીઓ સાચવવામાં અને ઈસ્લામ-નો અર્થ સમજવામાં મને વખતસરની સહાય પહોંચાડી છે.....ઈસ્લામનો અર્થ બિનશરતે ઈશ્વરની શરણાગતિ છે. તેની ઇચ્છા પરિપૂર્ણ થાઓ; એ તાલીમ મળી છે. બાપુના પાઠ તાજા થાય છે. કસોટીની એરણ ઉપર કસાઈ રહ્યાં છીએ! આપનાં લખાણથી સહનશકિત સતેજ બને છે. માણસ તરીકેની નબળાઈઓ, ક્ષતિઓનો ભોગ થયેલ હોવા છતાં સ્વસ્થતા રહે છે, બાળકો સુલતાના, હમીદ, વહીદ તે સાચવી રહ્યાં છે પણ આંખ નિર્જળ નથી રહી શકતી....”

આ પત્ર પછી ખરેખર આમિનાબહેન લગભગ બપોરના બે ને પચ્ચાસ મિનિટે આંખ આગળથી લોપ થઈ ગયાં. હવે તો એ ને એ રૂપે કદી જોવા મળવાનાં નથી. હવે તો એમનાં સ્મરણો યાદ કરી દિલાસો લેવો રહ્યો. આમિના-બહેને આ વખતના અમારા હરિજન આશ્રમ નિવાસ દરમિયાન અને આખાયે લાંબાગાળાના વિવિધ સ્થળોના અમદાવાદ નિવાસ દરમિયાન વારંવાર આવ્યા જ કર્યું. અને ચર્ચા વ્યાખ્યાનો વગેરે સાંભળ્યા જ કર્યું. મીરાંબહેન આ વખતે હરસપીડાથી અમદાવાદ ઇસ્પિતાલમાં રહ્યાં. તો ત્યાં પણ આવજા કર્યા કર્યું. સામાન્ય રીતે એમની તબિયત બહુ સ્વસ્થ ન ગણાય છતાં તેઓ આટલાં બધાં વહેલાં જાય, એટલી હદે અસ્વસ્થ પણ ન ગણાય.

કુરેશીભાઈના પત્ર પરથી જણાય છે કે તેમણે જોયું : “....કદી નહીં, અને કુરેશીભાઈ એકદા સ્વાસ્થ્યને કારણે વહેલા ઘેર આવ્યા છે તેમણે તેમને પરાણે ખવડાવ્યું. ફળો ખવડાવ્યાં. તેઓને સ્વસ્થ થવા બાજુના ઓરડામાં મોકલ્યા. પોતે કુરેશીભાઈનાં કપડાંની ઈસ્ત્રી કરવા લાગ્યાં અને તે કરતાં કરતાં બેભાન થયાં તે થયાં. ઇસ્પિતાલમાં છ દિવસ રહ્યાં અને છેવટે વિદાય થયાં.” કુરેશીભાઈ જાતે તે પત્રમાં જ લખે છે: વિચારું છું. આમિના તે કેટલી ભાગ્યશાળી ! રિદ્ધિસિદ્ધિ, ઈજ્જત આબરૂ સાથે ખુદાના દરબારે તે સીધાવે છે. ખુદાની રહેમ હો, તે દુઆ....”

વાત સાચી છે. આથી જ આગાખાન મહેલરૂપી બાપુના કારાવાસમાં, સન ૧૯૫૨માં કસ્તૂરબા બાપુના ખોળામાં પડીને છેવટે વિદાય થયાં. તેઓની ઉમ્મર સાઠ ઉપર હશે ! આમ સાઠ સાઠ વર્ષ વીત્યા બાદ આવી વિદાયની પાછળ આંસુ કેમ આવે છે ?

## મેં શું વિચાર્યું ?

બાપુ સાથે ઈમામસાહેબ દક્ષિણ આફ્રિકામાંથી ભારત આવ્યા. તેમનાં જ પુત્રી આમિનાબહેન. બાપુનાં લાડકોડ એમને ફાળે સહેજે આવી પડયાં. કયાંના કુરેશીભાઈ અને કયાંનાં આમિનાબહેન ! પણ બાપુનિમિત્તે બન્નેનો સુયોગ થયો. ઈસ્લામનું અને હિંદુધર્મનું સાચું રહસ્ય પિછાણવાની આશ્રમી જીવનમાં આ યુગલને સોનેરી તક અનાયાસે સાંપડી.

બાપુ ગયા તે પહેલાંથી સદ્ગત પરીક્ષિતલાલ દ્વારા કુરેશી-ભાઈનો પરિચય મને થઈ ગયો. જૈન પરંપરા—એટલે કે વિશાળ સદ્ધર્મ પરંપરા અથવા સમન્વયની પરંપરા—અને ગાંધી પ્રયોગોના પાયા પર રચાયેલા ભાલનલકાંઠા પ્રયોગમાં એ ખૂંપી ગયા. એ ખાતર એમને કેટકેટલું વેઠયું! અને એમાં સંગાથિની રહેનાર આમિનાબહેન જતાં કુરેશીઅમિના જોડી તૂટે છે, તેનાં આંસુ આવે છે. હવે તો 'તૂટે છે' વાક્ય પણ ભૂતકાળમાં ઓગળી ગયું. તે જોડી તૂટી જ ગઈ. પણ એ અનિવાર્યતામાં આપણો શો ઉપાય? 'જેણે જોડી, તેણે તોડી' એ સંતકબીરની વાણી યથાર્થ છે. બાપુએ કસ્તૂરબાની રાખ જોઈને કહ્યું: 'આ કસ્તૂરી ન હોત તો હું મહાત્મા ન બની શક્યો હોત!' અને એવી રસમય જીવન જોડી તૂટ્યા પછી જીવનને રસમય ચાલુ રાખવું કેટલું દોહ્યલું છે!

હવે એ દોહ્યલાંને સોહ્યલું બનાવવું જ રહ્યું. કાળ પસાર થતો જશે, તેમ તેમ દુઃખ વિસારે જરૂર પડશે, પણ સ્મરણો તો વધુ ને વધુ સચેત જ બનવાનાં છે. એ સ્મરણોમાં મને મુખ્ય ત્રણ વાતો સૂઝે છે:

(૧) ખરેખર મૃત્યુ એ જો નવજીવનોદય માટેની ઉષા જ હોય તો એને સારુ અથવા એની પાછળ રડવું એ બેસમજ સિવાય બીજું શું છે? ખરેખર જો રડવું હોય તો જીવતાં રડી લેવું યોગ્ય ગણાત, બાકી મૃત્યુની

ક્ષણે કે મૃત્યુ બાદ રડવાથી આપણું કે જનારનું કોઈનુંયે કશું હિત નથી.

(૨) જે માતાએ પારકાં જણ્યાંને પોતાનાં જણ્યાં કરતાં વધુ સંભાળવા છતાં આવી પળોમાં જો તેવું બાળક મક્કમ અને સ્થિરમનવાળું બની એવી વહાલસોયી 'મા'ની પાછળ પોતાનાં વડીલોને રડતા રોકે, આનાથી ઉત્તમ સમય મરનાર માટે બીજો કયો ? હમણાં એક ભાઈનાં જુવાન પત્ની ગુજરી ગયાં. ત્યારે પિતા અને વડીલોને દિલાસો આપતી પંદરસોળ વર્ષની બાળકી કહે છે : "થવાનું તે જ થયું છે. છતાં તમે બધાં રડો છો કેમ ?" અહીં પણ કુરેશીભાઈના પત્રથી જણાય છે "આજે તે (બબીશમીમ) મારી ચોકીદાર બની છે." આનું નામ તે બાળકપાલન ! આવી માતાઓ ખરેખરી માતાઓ છે, તે પોતે તો પોતાનું કામ પૂરેપૂરું પૂરું કરી સીધાવ્યાં ગણાય. ભારતીય સંસ્કૃતિ કહે છે : 'નારી એ નરની સાધનામાં હરપળે હૂંફ આપે છે.'

કુરેશીભાઈને જે હૂંફ આમિનાબહેને જિંદગીભર આપ્યાં કરી તેવી હૂંફ તેઓનાં ગુણ સંભારણાં હવે તેમની વિદાય પછી આપ્યા જ કરો.

વિશ્વવાત્સલ્યના આપણે સૌ વાચકો એવા જીવન મધપૂડાનું સ્મરણમધુ પીધા જ કરીએ, પીધા જ કરીએ !

(૧-૧૧-૧૯૬૭) સંતબાલ

## ધંધુકા માતૃસમાજ સદા પ્રગતિ કરતો રહો

આજે ઈશુ, પયગમ્બરસાહેબ અને ખ્રિસ્તીધર્મનો નવા વર્ષના આ પવિત્ર દિવસે માતૃસમાજનાં માતાઓ ધંધુકામાં એક શુભ પ્રવૃત્તિનો આરંભ કરે છે ત્યારે ધંધુકાની ધરતીમાતા પણ જાણે સાદ પાડીને બોલાવતી હોય એવો ભાસ થાય છે, પણ તબિયત અને અશક્તિને કારણે આવી શકતો નથી તે બદલ સહુ માતાઓ મને ક્ષમા કરશે.

મુનિશ્રી સંતબાલજીની સ્મૃતિ આ પ્રસંગે સહેજે થઈ આવે છે અને ૩૦ વર્ષનાં વહાણાં વાયાં છે એ ભૂતકાળની સ્મૃતિ પણ તાજી થાય છે. સ્વરાજ કાળ પછીની પ્રથમ ચૂંટણી ૧૯૫૨માં થઈ. ધંધુકા તાલુકાના પ્રતિનિધિ તરીકે કોંગ્રેસે મારી પસંદગી કરી, ધારાસભ્ય તરીકે ચૂંટાયો, અને મુનિશ્રીની પ્રેરણા તેમ જ માર્ગદર્શનથી સમાજના સહુથી નીચેનાં તરછોડાયેલાં ત્રણ અંગો–માતાઓ, ગામડાંઓ અને પછાત વર્ગોના ઉત્કર્ષ માટે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના 'એક મહાન પ્રયોગે' ધર્મદૃષ્ટિએ સમાજ રચનાના પ્રયોગમાં પા પગલી માંડી હતી તેમાં ધંધુકા તાલુકામાં પણ ખેડૂત મંડળ મારફત સહકારી ક્ષેત્રે હરણફાળની જેમ ધંધુકા કોટન સેલ સોસાયટીની રચના કરી, ખાદી ગ્રામો-દ્યોગનાં કામો પછી વિકસ્યાં–સાથે સાથે શહેરોમાં માતૃસમાજ સ્થપાયાં, પણ ગ્રામ વિસ્તારમાં હજી બહેનોમાં કામ ગોઠ-વાયું નહોતું. ૩૦ વર્ષ પછી તાજેતરની નાવડાની દુઃખદ

દુર્ઘટના નિમિત્તે ધંધુકા તાલુકા જયાવિજય માતૃસમાજની સ્થાપના થઈ. આજે એમાં એક નવા ઉદ્યોગનું મંગલાચરણ થાય છે ત્યારે હૃદય આનંદથી નાચી ઊઠે છે. ઈલાબહેન ભટ્ટ અને શશીબહેન ભટ્ટ જેવાં કર્મઠ અને નિષ્ઠાવાન બહેનોના હાથે આનો આરંભ થાય છે. વળી બહેન કાશીબહેન અને બહેન હાજરાબહેન જેવાં સેવિકા બહેનોનાં સંચાલન નીચે કામ ચાલવાનું છે ત્યારે એની સફળતા વિષે શંકા રહેતી નથી.

આ પ્રસંગે મારી તમામ હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે ધંધુકા માતૃસમાજ, દિનપ્રતિદિન પ્રગતિ કરીને માતૃશક્તિની જ્યોતનો પ્રકાશ સતત ફેલાવતો રહે.

(૨૧-૨-૧૯૮૩)
પ્રયોગદર્શન

ગુલામ રસૂલ કુરેશી
પ્રમુખ
ભા. ન. પ્રા. સંઘ

### સંતબાલજી સાથેનું
## અંતિમ મિલન

શ્રી કુરેશીભાઈને મહારાજશ્રીને મળવાની ખૂબ ઇચ્છા હતી પણ ઊભા થતાં અને ચાલવાની મુશ્કેલીને લીધે આવી શકતા ન હતા. છેવટે હિંમત કરી અંબુભાઈ સાથે તેઓ આવી ગયા. કેટલીય ક્ષણો સુધી મહારાજશ્રીની છાતી ઉપર માથું ઢાળી રહ્યા પછી આંખો સાથે આંખો મેળવી હાથમાં

હાથ રાખી કેટલીયે વાર બંને મહાનુભાવો આનંદની હેલી ઊભરાવતા રહ્યા. બંનેને મળતાં ખૂબ આનંદ થયો. ગોવધબંધી માટે અને તે ન થાય તો થનારા જ્ઞાનચંદ્રજીના બલિદાનને કારણે મહારાજશ્રીને જે પારાવાર ચિંતા અને ચિંતન ચાલતાં હતાં તે ઓછાં કરવાને માટે કુરેશીભાઈએ ધર્મ કે વ્રત માટે બલિદાન અપાયાના અનેક દાખલા આપી વાતો કરી અને કહ્યું: 'આપ સાજા થાઓ ત્યારે બલિદાનનો મહિમા અને બલિદાનનો ઉત્સવ' એ અંગે એક લેખ લખવા અંગે વિનંતી કરી. સાંજના પાંચ વાગ્યે તેઓ ગયા.

* * *

મુરબ્બી કુરેશીભાઈ સાથે તા. ૧૮ માર્ચે મુંબઈ જવાનું થયું કુરેશીભાઈએ જ્ઞાનચંદ્રજીનું નામ લીધા વિના જ કેલૈયા અને ઈબ્રાહીમનો દાખલો આપીને, બલિદાનનો મહિમા ગાવાનો હોય—એનો તો મહોત્સવ ઉજવવાનો હોય એમ કહીને, આપ સાજા થાવ અને લખી શકો ત્યારે પ્રથમ લેખ આ બલિદાનના મહિમા વિષે લખો એવી મુનિશ્રીને વિનંતી કરી. ત્યારે તો મુનિશ્રી કંઈ બોલ્યા નહિ. મોડેથી ફરી મળ્યા ત્યારે મુનિશ્રી 'સગાળશા શેઠ' એમ બોલ્યા. કુરેશીભાઈ પોતે સગાળશા નામ બોલ્યા જ ન હતા. છતાં એ નામ મુનિશ્રી બોલ્યા એનો અર્થ એમ તારવી શકાય કે મુનિશ્રીની સભાનતા અને સ્મૃતિ સારી પેઠે જાગૃત બન્યાં છે. અને તે કેલૈયાની સાથે તેના પિતા સગાળશાની

મનઃસ્થિતિની યાદ પણ કરાવે છે. ત્યાર પછી તરત મુનિશ્રી બોલ્યા :

'આપણા છે' એટલે કે જ્ઞાનચંદ્રજી આપણા છે.

સાધુતાનું જીવનદર્શન [અંતિમ દર્શન]માંથી

## સંતે ચીંધેલો માર્ગ

મિત્રો,

તમને સૌને આવકારું છું. તમને બધાંને મળતાં એકબીજાને આનંદ થાય અને એ સ્વાભાવિક છે. વળી હમણાં હમણાં તમે સુંદર કાર્યો કરી બતાવ્યાં તેના અભિનંદન પણ આપી દઉં. ભલે તે ધંધુકા તાલુકાનું નાવડા પ્રકરણ હોય કે તાજેતરનું ધોળકા શહેરની રેલીનો બનાવ હોય, એ લોકશકિતને કેળવવાનો નમ્ર પ્રયાસ છે. લાંચ જેવા અનિષ્ટને ડામવા તમે કોશિશ કરી. લાંચ એક બદી છે. તે લેનારને અને દેનારને નીચા પાડે છે. તે રીતે એનો તંત બંધાય છે, જે આપણે ચારે દિશાએ જોઈ રહ્યા છીએ. તેમાંથી આપણે ઊગરવું છે. આપણે સમાજને બચાવવો છે.

સમાજને બચાવવા નૈતિક હિંમત બતાવવાની અને સંગઠનશક્તિ કેળવવાની તાતી જરૂરત છે. તે માટેનો માર્ગ પૂ. સંતબાલજી આપણને બતાવી ગયા છે. એમણે ચીંધેલો માર્ગ તે – **ધર્મદષ્ટિએ સમાજરચના** – તેને આપણે વફાદાર રહેવાનું અને આગળ વધવાનું છે.

'ધર્મદૃષ્ટિએ સમાજ રચના'– એ એક સૂત્ર છે, એને પાર પાડવા આપણે જુદી જુદી પ્રવૃત્તિઓ ચલાવવી પડશે. પણ તેના આધારસ્તંભરૂપે તો ખેડૂતમંડળો જ રહેશે, જે આપણે ચલાવી રહ્યા છીએ.

ખેડૂતમંડળ નામ આપતાં આપણે કેવળ ખેતી કરનારા જ એમ નહીં સમજવું. પણ ખેતી કરનારા અને ખેતી ઉપર નભનારા એ બધાંનો એમાં સમાવેશ થાય છે. ટૂંકમાં એને આપણે ગ્રામસંગઠન કહેવું જોઈએ; પણ કામને વેગ મળે અને સગવડતા સચવાય તે માટે જુદા જુદા નામે જુદાં જુદાં મંડળો રચાય. તે બધા એકબીજાના પૂરક જ રહેશે. ભલે તે મજૂર મંડળ હોય, કે ગોપાલક મંડળ હોય. અરે માતૃસમાજો પણ તેના પોષક રહેશે. ત્યારે બનશે ગ્રામ સંગઠન.

આ બિરુદને પાર પાડવા અને પૂ. સંતબાલજીને વફાદાર બનવા આપણે આપણા ખેડૂત મંડળને પ્રાણવાન બનાવતા રહીએ. એવી આપ સૌને મારી વિનંતી છે.

[૯ ઑગસ્ટ ૧૯૮૩, હરિજન આશ્રમમાં મળેલ શ્રી ખેડૂત મંડળની કારોબારીને સંબોધન કરતાં કરેલા ઉદ્બોધનમાંથી]

## જાતને તૈયાર કરીએ

### નવા વર્ષના સાલમુબારક

પરિવાર મિલનમાં કોઈકને મોવડીપદે બેસાડવાની જરૂરત જણાતાં મિત્રોએ મારી પસંદગી કરી. મિત્રો સારી

રીતે જાણે છે કે, મારી વાચા લગભગ બંધ જેવી છે, ગાત્રો સાવ ઢીલાં થયાં છે, જાતે હરફર કરી શકતો નથી. આની જાણ થોડા જણને હતી, તે હવે તમારા સૌ સમક્ષ છતી થાય છે.

મિત્રો, સામાન્ય રીતે પરિવારમાં લોહીના સંબંધ કે સગપણ કેન્દ્રમાં હોય છે. આપણા આ પરિવારમાં એવા લોહીના કોઈ સંબંધો કે સગપણ નથી, પણ એક સંતપુરુષની પ્રેરણાથી વૈચારિક રીતે અને હૃદયથી એટલી નિકટતાનો અનુભવ કરીએ છીએ કે જેમાંથી એક વ્યાપક ભૂમિકાનો પરિવાર નિર્માણ થતો જાય છે. આ સંતપુરુષ તે સંતબાલજી.

એમણે વિશ્વવાત્સલ્યનો મહાન આદર્શ આપ્યો. એ આદર્શ પાર પાડવા ધર્મદૃષ્ટિએ સમાજરચનાનો વિચાર આપ્યો. એ વિચારને વહેવારમાં મૂર્ત સ્વરૂપ આપવા ભાલનળકાંઠા પ્રયોગ આપ્યો. એ પ્રયોગનો ભાર વહન કરવા માટે પ્રાયોગિક સંઘ જેવી સંસ્થા આપી. આ સંઘના પોષણ માટે રચનાત્મક કાર્યની અનેક શાખા–પ્રશાખાઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ શરૂ થઈ. એમાં આપણે સૌ એક યા બીજા સ્વરૂપે પ્રત્યક્ષ કે પરોક્ષ સંકળાયા. આમ આદર્શ, વિચાર, પ્રયોગકાર્ય અને અનુભવનો અનુબંધ સહજપણે નિર્માણ થતાં આપણા સંબંધો આત્મીય બનતા રહ્યા, અને એક પરિવારનું સહજરૂપ લીધું.

એ સંતપુરુષે આપેલો આદર્શ અને વિચાર તો પરાપૂર્વથી ચાલતો આવે જ છે. જગતના મહાપુરુષોએ પોતપોતાના સ્થાનેથી આવા જ વિચારોની પુષ્ટિ કરી છે, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે તેની અભિવ્યક્તિમાં ફેરફાર હોઈ શકે.

મિત્રો, આદર્શ મહાન છે. આપણી જાત એ આદર્શને આંબવા ભલે મથતી હોય, પણ આપણે વામન છીએ. આપણી પામરતાનોય પાર નથી. આ વામણાપણું અને પામરપણું આપણા પરિવારના સામૂહિક શુભ પ્રયાસોથી અને પરસ્પરની હૂંફથી દૂર કરવાના આપણા મનોરથ છે. આપણા આ મનોરથને આવાં પરિવાર મિલનોથી પુષ્ટિ મળે છે એમ હું સમજું છું.

મુનિશ્રી હવે જ્યારે ઉપસ્થિત નથી ત્યારે આપણા સૌની જવાબદારી ઘણી વધી જાય છે. વળી, આદર્શ જેમ ઊંચો અને દાવો જેમ મોટો, તેમ સમાજની અપેક્ષા પણ ઊંચી અને મોટી રહે તે સાવ સ્વાભાવિક છે.

ભાલનળકાંઠા પ્રયોગના ૪૫ વર્ષના ઇતિહાસે આપણે માથે નાખેલી આ મહાન જવાબદારી અને ફરજ અદા કરવા માટે આપણે આપણી જાતને તૈયાર કરીએ. એ માટે જોઈતાં સામર્થ્ય શક્તિ આપણને મળે એવી ઈશ્વરને પ્રાર્થના.

તા. ૬-૧૧-૧૯૮૩

[એચ. કે. હોલમાં નવા વર્ષ નિમિત્તે મળેલ પરિવાર સંમેલન આગળ કહેલી વાતોમાંથી]

## સંતબાલજી : જન સાધુ

સંતબાલજી વિષે વિચાર કરવામાં આવે તો એ સાચું કે તેઓ જૈન સાધુ હતા. પણ આચારે જ તેઓ જૈન સાધુ હતા. જૈન સાધુ તરીકેના બધા આચારો તેઓ ચુસ્તપણે પાળતા. પણ વિચારોથી તેઓ જન સાધુ હતા.

સમાજમાં સાધુ એક વિશેષ પ્રકારનું સ્થાન ધરાવે છે. તે જીવે છે ત્યારે અને મરે છે ત્યારેયે તેના દિલમાં જનકલ્યાણ વસેલું હોય છે. એટલે જનકલ્યાણના વિચારોને સમજવા સંતબાલજીએ એકાંતવાસ સેવ્યો; મૌન ધારણ કર્યું. ગુરુનો સાથ છોડયો. જીવને પીડાતો જોઈજે જૈનની દયા ઊભરાઈ જાય તે જ સમાજે પોતાના આશ્રયેથી સંતબાલને આઘા કર્યા. કારણ કે જૈનોની નજરે તેઓ તેમના મટી પારકા બન્યા હતા.

સંતબાલ એકલ વિહારી બન્યા. તેની સાથે સાથે તેઓ ઉચ્ચ સ્થાને ઊભવા લાગ્યા. પ્રકૃતિનો નિયમ છે જેટલું સ્થાન ઊંચું તેટલું દૃષ્ટિપટ વિશાળ. આજે આપણને જાણવા મળ્યું કે "ઈન્સેન્ટ"ને પૃથ્વીની તસવીર ખેંચવા પાંત્રીસ હજાર કિલોમીટરની ઊંચાઈએ ઊડવું પડયું. આ તો એક ભૌતિક બાબત છે, જયારે સંતબાલે ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારની તસવીરો એકી સાથે દોરવાની હતી. જૈન સમુદાયથી વિખૂટા પડયાનો પસ્તાવો ન હતો. આ ફલક પર ભાતભાતના અનેક માનવીઓ છે. ગુણગ્રાહીનો તોટો નથી.

જેમ પ્રકાશ ઉપર પતંગિયાં આપમેળે જાનના જોખમે આવી ઊભરાય છે તેમ પોતાના વિચારોમાં જો જીવ હશે તો મુમુક્ષુ આવી મળવાના છે તે વિશ્વાસે સંતબાલે પોતાના વિચાર સંભળાવવા નળકાંઠામાં બકરાણા મુકામે એક શિબિર રચ્યો.

નળ સરોવર નળકાંઠામાં આવેલું છે. શિયાળામાં દેશ-પરદેશનાં પક્ષીઓથી તે ગૂંજી ઊઠે છે. આ તકનો લાભ લેવા શિકારીઓ શે ચૂકે? એમાં આખા દેશનું રક્ષણ કરનાર તે વખતની અંગ્રેજી સરકારના આગેવાનો પણ ભળે ખરા. નાતાલના દિવસો હતા. લાટ સાહેબ શિકારે આવવાની જાહેરાત થઈ. શિકાર થોકબંધ પક્ષીઓનો થાય. નાકાબંધી કરવામાં આવે. લાટ સાહેબના ખુશામતીઆ કે તાબેદારો મન ખોલીને શિકાર કરવાની તક લાટ સાહેબને પૂરી પાડે. કોઈ દિશાએથી હત્યાના વિરોધનો સૂર ઊઠે નહિ. પ્રજા આનાથી ટેવાઈ ગયેલી ત્યાં એક ખૂણેથી પોતાનો અવાજ ઉઠાવ્યો કે 'પોતાના પ્રાણના ભોગે જ શિકાર થઈ શકશે.' લોકોમાં હાહાકાર મચી ગયો. કેટલાક સરકારની ખફગીની વાતો સાધુ પાસે લાવ્યા. સાધુ પોતાના નિર્ણયમાં અવિચળ હતો. વાત સરકારના કાને પહોંચી. ડહાપણ વાપરી શિકારની વાત પડતી મૂકવામાં આવી. શિકાર બંધ રહ્યો. આજે તો નળ સરોવર 'અભયારણ્ય' બન્યું છે. એ ભડવીર તે મુનિ સંતબાલજી.

વાત વા વેગે પ્રદેશમાં ફેલાઈ ગઈ. મુનિશ્રીએ પ્રદેશ ખેડવાની વાત મૂકી. પ્રદેશમાં મોટા ભાગની વસ્તી કોળી અને ભરવાડ કોમની. ખેતીમાં કસ નહિ. ઉદ્યમ કાંઈ મળે નહિ. ભણતર, સંસ્કારમાં મોટું મીંડું. જ્યાં ત્યાં ચોરી કરવી, ઢોર હાંકી જવાં, ગંજીઓ બાળવી અને સ્ત્રીઓ ઉપાડવી આ ધંધા. તેમાં જુગાર અને દારૂની બદીનો મોટો ઉપાડો. મુનિશ્રી પગપાળા ફરે, ગામે ગામની વિતકો સાંભળે અને કકળી ઊઠે. નિવારણ શોધાવું જોઈએ. એ સંકલ્પે આગળ વધે. લોકોને ચા, બીડી તમાકુની બાધા આપે. સાંજ–સવાર પ્રાર્થના થાય. બે શબ્દો બોધના બોલાય. લોકો હોંસે આવે–બાધાઓ લે. સંસ્કારનું સીંચન થવા લાગ્યું અને શાંતિનું વાતાવરણ જામતું ગયું. પ્રદેશ મુનિજીનું કર્મભૂમિ બન્યો.

પ્રદેશ નપાણી. તેવામાં આવ્યો ઉનાળો. મુનિશ્રી પાદવિહાર કરે. લોકોની પાણીની વીતકો સાંભળે. જે સ્થિતિ નળકાંઠાની તે જ પરિસ્થિતિ ભાલની. લોકોને પાણી મળવું જોઈએ. જોજનો દૂર વેણાં લઈ કે ગામના તળાવે વીરડા ગાળી, ઉપર ખાટલા પાથરી ચોકી કરી છાલીએ છાલીએ પાણી ઉલેચી પાણી મળે તે આ દયાળુ બાપજીથી કેમ સહન થાય! તેમણે પોતાના સાથીઓને ભેગા કર્યા. સાથીઓને સમજાવ્યું કે પાણી પૂરું પાડવું તે સરકારની ફરજ છે. સરકાર આગળ તેની ધા નાખો. તંત્રની રચના

કરો, પરિણામે ભાલ નળકાંઠા જળ સહાયક સમિતિની રચના થઈ. તેનું પ્રતિનિધિમંડળ સરકારને મળ્યું. જેના ફળસ્વરૂપે રીંઝા, ઝાંપ અને જાળીઆની પાઇપ લાઈનો અસ્તિત્વમાં આવી.

**ગુલામ રસૂલ કુરેશી**

[આ લેખ તેમના સ્વહસ્તાક્ષરમાં લખાયેલ છે. અશક્તિને કારણે ત્યાર પછી તેઓ આગળ લખી શક્યા નથી તેથી અહીં અધૂરો જ પ્રગટ કર્યો છે.]

## એકતા વિના શાંતિ નથી

એકતા એટલે માત્ર હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરે વચ્ચેની એકતા એટલો જ સંકુચિત અર્થ કરીને બેસી રહેવાની જરૂર નથી. એકતા એટલે માનવ માનવ વચ્ચેની એકતા. બધા પ્રત્યે સાચો પ્રેમ કેળવતાં શીખીએ.

દુનિયાને ખૂણે ખૂણે ભેદભાવ અને જુદાઈનાં છાંટણાં ઊડયાં છે. કયાંક રંગભેદને કારણે જુદાઈ પોષાઈ છે તો વળી કયાંક વાદને નામે. કયાંક જાતિને કારણે તો વળી કયાંક દેશની વાડાવંડીઓને કારણે. કયાંક ભાષા તો કયાંક ધર્મને કારણે જુદાઈ પેસી જવા પામી છે. આ બધું કોઈ પણ રીતે શોભાસ્પદ નથી જ.

આજે સૌની સમક્ષ એકતા રજૂ કરતાં અમારી જવાબદારી ઘણી જ વધી ગયેલી અમે માનીએ છીએ. એકતા દ્વારા ભાઈચારાની સ્થાપના કરવાના કાર્યને વેગ આપવો એ અમારી ઉમીદ છે.

એકતા પ્રથમ અંકમાંથી (૩-૧૨-૧૯૪૮) **ગુલામ રસૂલ કુરેશી**

# સંતબાલ સ્મૃતિગ્રંથ

[ત્રણ ખંડમાં પ્રગટ થશે]

૧૯૮૯–૯૦

☐ પ્રથમ ખંડમાં–મુનિશ્રીએ આલેખેલ હૃદયસ્પર્શી વ્યક્તિચિત્રો, રેખાચિત્રો, શ્રદ્ધાંજલિઓ, ઉપરાંત તેમના પાવનસ્પર્શથી હૃદયપરિવર્તન પામનાર ૨૦૦ ઉપરાંત પાત્રોનો પરિચય મળી રહેશે.

☐ અન્ય બે ગ્રંથોમાં–

જીવનચરિત્ર, જીવનપ્રસંગો, પ્રયોગો, મુનિશ્રીના ગ્રંથોનું ચયન, અધ્યયન લેખો, સ્મરણાંજલિઓ, કાવ્યો, પત્રો વગેરે રહેશે.

☐ મુનિશ્રીના અક્ષરદેહના સ્મારકમાં આગોતરા ગ્રાહક બની સહયોગ નોંધાવો.

: સંપર્ક :

**મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**
**હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,**
**અમદાવાદ–૩૮૦ ૦૦૪.**